RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 310 Dt. 25-05-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




### કંડલા પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સોલાર પ્લાન્ટ્સ, પાવર ટ્રાન્સમિશન અને માર્ગ મકાનના વિકાસકાર્યો સામેલ

# ભુજમાં PM : ૫૩ હજાર કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ

### ઓપરેશન સિંદૂર બાદ મોદીની ગુજરાતમાં પ્રથમ મુલાકાત : કચ્છ, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ, તાપી અને મહિસાગર જિલ્લાને મળશે ભેટ



ફાઇલ તસવીર

રાજકોટ, તા. ૨૪

ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાતે આવશે. ૨૬ અને ૨૭ મે, ૨૦૨૫ દરમિયાન તેઓ ગુજરાતમાં દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રવાસ દરમિયાન ૨૬ તારીખે ભુજમાં વડાપ્રધાનના હસ્તે ૫૩,૪૧૪ કરોડના ખર્ચે ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

ભુજમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા વિભાગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ,પાવરગ્રીડ તેમજ દીનદયાલ પોર્ટ ઓથોરિટીના કુલ ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં જામનગરમાં ૨૨૦/૬૬ કે.વી. બાબરઝર સબસ્ટેશન, જામનગરમાં ૧૩૨/૬૬ કે.વી. કાનસુમરા સબસ્ટેશન, અમરેલી, જુનાગઢ, ગીર-સોમનાથમાં ૬૬ કે.વી. ઈઝકજ ટ્રાન્સમિશન લાઇનો, મોરબીમાં ૧૧ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ જાંબુડિયા વિડી, કચ્છ જિલ્લાના મંજલમાં ૧૦ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ, કચ્છ જિલ્લાના લાકડિયા ખાતે ૩૫ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ, જામનગર જિલ્લાના બાબરઝરમાં ૨૧૦ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ, કચ્છમાં લાયજા-બાડા-માપર-મોડકુબા-લઠેડી-સાંધાણ-સુથરી રોડનું વિસ્તરણ અને મજબૂતીકરણ. ભિરંડીયારા-હોડકો-ધોરડો ટેન્ટ સિટી માર્ગનું વિસ્તરણ અને મજબૂતીકરણ, બનાસકાંઠા-સંખારી પ્રોજેક્ટ અઝઈ વધારવા માટે ટ્રાન્સમિશન નેટવર્ક વિસ્તાર , કંડલા ખાતે ઓઇલ જેટી નં. ૮, કંડલામાં કાર્ગો જેટી વિસ્તારમાં ડોમ અને ટ્રાન્ઝિટ સ્ટોરેજ ગોડાઉન્સ, અદિપુરથી કાર્ગો બર્થ ૧૬ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૧ સુધી માટે વધારાની રોડ કનેક્ટિવિટી, કંડલામાં ઊડઈખ કાર્ગોના સ્ટોરેજ માટે પોર્ટ વિસ્તારનું વિસ્તરણ, માતાના મઢ ખાતે મંદિર પરિસર, ખાટલા ભવાની, ચાચર કુંડ સહિતના વિસ્તારનો વિકાસ અને સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

જ્યારે ખાવડા નવનિર્મિત એનર્જી ઝોનમાંથી વીજ પુરવઠા માટે એચવીડીસી પ્રોજેક્ટ, ખાવડા રીન્યુએબલ પાર્કમાંથી વધારાની સાત ગીગા વોટ પુરવઠા માટે ટ્રાન્સમિશન સિસ્ટમ, તાપી ખાતે ઉકાઈ ખાતે કોલ હેન્ડલિંગ પ્લાન્ટ માટે નવા માર્શલિંગ યાર્ડનું રીમોડેલિંગ, કચ્છના ગાંધીધામ શહેરમાં વાવાઝોડા પ્રતિરોધક અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ નેટવર્ક, કચ્છમાં પાલાસવા-ભીમસર-હમીરપુર-ફતેગઢ સીસી રોડ નિર્માણ, કચ્છમાં કોટડા-બિટ્ટા રોડનું મજબૂતીકરણ, ભુજથી નખત્રાણા સુધી ચાર લેન હાઇ સ્પીડ કોરિડોર, કચ્છના અબડાસામાં ગ્રુપ ઇમ્પ્રુવમેન્ટ વોટર સપ્લાય યોજના, કંડલા ખાતે ૧૦ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધાનું નિર્માણ, કંડલા પોર્ટ ખાતે હાયપરલૂપ પોડ ટેક્નોલોજી, કંડલામાં ૩ રોડ ઓવર બ્રિજ (હ્બ્ઇ) નું નિર્માણ અને ૬ લેન માર્ગોમાં સુધારો, ધોળાવીરા ખાતે પ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણનું ખાતમુહૂર્ત કરાશે.

આ વિકાસકાર્યોથી કચ્છ અને રાજ્યના અન્ય જિલ્લાઓની વિકાસયાત્રાને વધુ વેગ મળશે અને વડાપ્રધાનશ્રીના વિકસિત અને આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત વધુ મજબૂતીથી આગળ વધશે.



# પ્રોવિડન્ટ ફંડ પર વાર્ષિક ૮.૨૫ ટકા મળશે વ્યાજ

### મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં EPFOના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની ૨૩૭મી બેઠકમાં વ્યાજ દર અંગેનો નિર્ણય લેવાયો

નવીદિલ્હી, તા. ૨૪

કેન્દ્ર સરકારે ખાનગી ક્ષેત્રના કર્મચારીઓને મોટી ભેટ આપી છે. સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે પ્રોવિડન્ટ ફંડની જાહેરાત કરી છે. આનો લાભ ૭ કરોડથી વધુ લોકોને મળશે અને તેમની પીએફ ડિપોઝિટમાં વધારો થશે. સરકારે કહ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે, કર્મચારી ભવિષ્ય નિધિ પર વાર્ષિક ૮.૨૫ ટકા વ્યાજ મળશે. સરકારે શનિવારે તેને મંજૂરી આપી દીધી છે. EPFOએ ૨૮ ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કર્મચારી ભવિષ્ય નિધિ થાપણો પરનો વ્યાજ દર ૮.૨૫ ટકા જાળવી રાખવાનો નિર્ણય લીધો હતો, જે પાછલા નાણાકીય વર્ષમાં આપવામાં આવેલા દર જેટલો જ છે. ૨૦૨૪-૨૫ માટે મંજૂર કરાયેલ વ્યાજ દર નાણા મંત્રાલયને મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. જે પછી, હવે સરકારે આ વ્યાજ દરને મંજૂરી આપી દીધી છે.

શ્રમ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'નાણા મંત્રાલયે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે EPF પર ૮.૨૫ ટકાના વ્યાજ દરને મંજૂરી આપી છે અને શ્રમ મંત્રાલયે ગુરુવારે EPFOને આ સંદર્ભમાં એક પત્ર મોકલ્યો છે.' હવે, નાણાકીય વર્ષ ૨૫ માટે મંજૂર વ્યાજ દર મુજબ, વ્યાજની રકમ EPFOના સાત કરોડથી વધુ સભ્યોના ખાતામાં જમા કરવામાં આવશે. ૨૮ ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હીમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં EPFOના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની ૨૩૭મી બેઠકમાં વ્યાજ દર અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એ નોંધનીય છે કે EPF ઘણા નિશ્ચિત આવક સાધનોની તુલનામાં ઉચ્ચ અને સ્થિર વળતર આપે છે, જેના કારણે નિવૃત્તિ પછી બચતમાં સ્થિર વધારો થાય છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં, EPFOએ ૨૦૨૩-૨૪ માટે વ્યાજ દરમાં થોડો વધારો કરીને ૮.૨૫ ટકા કર્યો હતો જે ૨૦૨૨-૨૩માં ૮.૧૫ ટકા હતો.

EPFO દર વર્ષે કર્મચારીઓ માટે વ્યાજ દર નક્કી કરે છે અને પછી તેને મંજૂરી માટે નાણા મંત્રાલયને મોકલે છે. જે પછી, જો નાણા મંત્રાલયને લાગે કે આ વ્યાજ દર યોગ્ય છે, તો તેને મંજૂરી આપવામાં આવે છે, પરંતુ જો નાણા મંત્રાલયને તેમાં ફેરફારનો કોઈ અવકાશ દેખાય, તો તે ચર્ચા પછી અન્ય દરોને મંજૂરી આપી શકે છે. પીએફનો વ્યાજ દર દર નાણાકીય વર્ષે નક્કી થાય છે.

એમ્પ્લોય પ્રોવિડન્ટ ફન્ડે જણાવ્યું હતું કે માર્ચ ૨૦૨૪ માં ૧૪.૬ લાખ નવા સભ્યો જોડાયા છે, જેમાંથી ૭.૫૪ લાખ લોકો પહેલીવાર ડ્ઢ યોજનામાં જોડાયા છે. આનો અર્થ એ થયો કે રોજગારની તકો વધી છે અને લોકો પીએફ જેવી યોજનાઓથી પણ વાકેફ થયા છે. ફેબ્રુઆરીની સરખામણીમાં માર્ચમાં નવા સભ્યોની સંખ્યામાં ૨.૦૩%નો વધારો થયો છે અને ગયા વર્ષના માર્ચની સરખામણીમાં ૦.૯૮%નો વધારો જોવા મળ્યો છે. જો આપણે થોડું પાછળ વળીને જોઈએ, તો સમજવું સરળ બને છે કે આજે ૮.૨૫% નો વ્યાજ દર કેમ મહત્વપૂર્ણ છે. ૨૦૨૦-૨૧માં એમ્પ્લોય પ્રોવિડન્ટ ફન્ડે પર વ્યાજ દર ૮.૫% હતો, જે ઘણો સારો માનવામાં આવતો હતો. પરંતુ આ પછી તેમાં ઘટાડો થયો. ૨૦૨૧-૨૨માં, તે ઘટાડીને ૮.૧% કરવામાં આવ્યો હતો, જે છેલ્લા ચાર દાયકામાં એટલે કે ૧૯૭૭-૭૮ પછીનો સૌથી ઓછો વ્યાજ દર હતો. આ પછી, ૨૦૨૨-૨૩ માં વ્યાજ વધારીને ૮.૧૫% કરવામાં આવતા થોડી રાહત મળી. પછી ૨૦૨૩-૨૪માં તે વધુ વધારીને ૮.૨૫% કરવામાં આવ્યું. અને હવે ૨૦૨૪-૨૫ માં પણ ૮.૨૫% નો આ દર જાળવી રાખવામાં આવ્યો છે.

### આર્મી ચીફ જનરલ વકાર ઉસ ઝમાને સરકારને ગેરકાયદેસર જાહેર કરી

# મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશના રહેશે PM



નવીદિલ્હી, તા. ૨૪

બાંગ્લાદેશમાં ફરી એકવાર બળવાના સંકેતો દેખાઈ રહ્યા છે. આર્મી ચીફ જનરલ વકાર ઉસ ઝમાને સરકારને ગેરકાયદેસર જાહેર કરી છે અને મોહમ્મદ યુનુસે રાજીનામું આપવાની ધમકી આપી છે. રાજધાની ઢાકામાં હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે અને યુનુસના સમર્થકો 'યુનુસ માટે માર્ચ' કાર્યક્રમનું આયોજન કરી રહ્યા છે. દરમિયાન, શનિવારે, બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના વડા, મોહમ્મદ યુનુસે, રાજકીય અસ્થિરતા અને સેના સાથેના તણાવ વચ્ચે સલાહકાર પરિષદની કટોકટી બેઠક બોલાવી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યુનુસે રાજીનામું આપવાની ઈચ્છા વ્યક્ત કર્યા બાદ આ બેઠક બોલાવવામાં આવી છે.

મુહમ્મદ યુનુસની બેઠકોનો સિલસિલો શનિવારે પણ ચાલુ રહ્યો. રાષ્ટ્રીય આર્થિક પરિષદની કાર્યકારી સમિતિની બેઠક પછી, યુનુસે સલાહકારોની બેઠક બોલાવી. આ બેઠક પછી, યુનુસ બે રાજકીય પક્ષોને મળશે. શનિવારે સાંજે ૭ વાગ્યે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના નેતાઓ સાથે અને રાત્રે ૮ વાગ્યે જમાત-એ-ઈસ્લામીના નેતાઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના પ્રવક્તાએ પુષ્ટિ આપી છે કે આ બેઠક દેશની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રસ્તાવિત છે.

બાંગ્લાદેશમાં ફરી એકવાર બળવાના સંકેતો દેખાઈ રહ્યા છે. મોહમ્મદ યુનુસ અને બાંગ્લાદેશી સેના વચ્ચે હવે તણાવ વધી ગયો છે. આર્મી ચીફ જનરલ વકાર ઉસ ઝમાને સરકારને ગેરકાયદેસર જાહેર કરી છે અને વ્યથિત મોહમ્મદ યુનુસે પણ રાજીનામું આપવાની ધમકી આપી છે અને આ દરમિયાન, રાજધાની ઢાકામાં ફરી એકવાર હિંસક વિરોધ પ્રદર્શનોનો દોર શરૂ થયો છે. ગુરુવારે વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળની રાષ્ટ્રીય નાગરિક પાર્ટી (NCP) ના નેતાઓ સાથે વાત કરતી વખતે મોહમ્મદ યુનુસે સંકેત આપ્યો હતો કે તેઓ રાજીનામું આપવાનું વિચારી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજકીય પક્ષો વચ્ચે સર્વસંમતિના અભાવે તેમને કામ કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ પછી, તેમણે ગુરુવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં પણ આવી જ ભાવનાઓ વ્યક્ત કરી હતી. જોકે, બેઠકમાં હાજર તેમના સલાહકારોએ તેમને રાજીનામું ન આપવા સમજાવ્યા.

# દુશ્મન દેશને સંવેદનશીલ માહિતી આપતા સહદેસિંહ ગોહિલ ઝડપાયો

### ગુજરાત ATSને મળી સફળતા : ફોરેન્સિક વિશ્લેષણમાં ગોહિલ જે બંને નંબરો પર માહિતી શેર કરતો હતો તે હાલમાં પાકિસ્તાનથી સંચાલિત

રાજકોટ, તા. ૨૪

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડીએ સરહદી કચ્છ જિલ્લામાં તૈનાત એક કોન્ટ્રાક્ટ હેલ્થ વર્કરની પાકિસ્તાની જાસૂસ સાથે લશ્કરી મથકોની સંવેદનશીલ માહિતી શેર કરવાના આરોપમાં ધરપકડ કરી છે. અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી. એક રિલીઝમાં, આતંકવાદ વિરોધી ટુકડી એ જણાવ્યું હતું કે આરોપી, સહદેવ સિંહ ગોહિલ, ૨૮, ને એક પાકિસ્તાની એજન્ટ (જેણે પોતાને અદિતિ ભારદ્વાજ તરીકે ઓળખાવી હતી) દ્વારા આ વિસ્તારમાં સરહદ સુરક્ષા દળ અને ભારતીય નૌકાદળના નિર્માણાધીન અને હાલના સ્થાપનો વિશે માહિતી શેર કરવા માટે લલચાવ્યો હતો. પોલીસ અધિક્ષક સિદ્ધાર્થ કોરુકોંડાએ જણાવ્યું હતું કે જૂન ૨૦૨૩ થી, કચ્છના લખપત તાલુકાના રહેવાસી ગોહિલે પૈસા માટે પાકિસ્તાની જાસૂસ સાથે વોટ્સએપ દ્વારા કચ્છ જિલ્લામાં વિવિધ BSF અને નૌકાદળના મથકોના ફોટોગ્રાફ્સ અને વીડિયો શેર કર્યા હતા.



પાકિસ્તાની એજન્ટે સૌપ્રથમ જૂન ૨૦૨૩ માં લખપત તાલુકાના માતા નો માધ ગામમાં એક સરકારી કેન્દ્રમાં કરાર આધારિત આરોગ્ય કાર્યકર ગોહિલનો તેમના વોટ્સએપ નંબર પર સંપર્ક કર્યો અને તેમની સાથે મિત્રતા કરી. ગોહિલનો વિશ્વાસ જીત્યા પછી, એજન્ટે BSF અને ભારતીય નૌકાદળની ઓફિસો અને તેના ગામની આસપાસ ચાલી રહેલા બાંધકામના ફોટોગ્રાફ્સ અને વીડિયો માંગ્યા, એમ એસપીએ જણાવ્યું. ગોહિલે વોટ્સએપ દ્વારા માંગવામાં આવેલી ગુપ્ત માહિતી શેર કરી. ફોરેન્સિક વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ગોહિલ જે બંને નંબરો પર માહિતી શેર કરતો હતો તે હાલમાં પાકિસ્તાનથી સંચાલિત થઈ રહ્યા છે. અમને એ પણ જાણવા મળ્યું કે થોડા સમય પહેલા તેને તે માહિતી શેર કરવા બદલ એક અજાણ્યા વ્યક્તિ પાસેથી ૪૦,૦૦૦ રૂપિયા રોકડા મળ્યા હતા. તપાસ બાદ, આતંકવાદ વિરોધી ટુકડી એ ગોહિલની ધરપકડ કરી અને તેની અને પાકિસ્તાની એજન્ટ વિરુદ્ધ એફઆઈઆર નોંધી, એમ અધિકારીએ જણાવ્યું.

અમને માહિતી મળી હતી કે તે એક પાકિસ્તાની એજન્ટ સાથે બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને ઇન્ડિયન એરફોર્સ સંબંધિત માહિતી શેર કરી રહ્યો હતો.'' આ પછી, ગોહિલને ૧ મેના રોજ પ્રાથમિક તપાસ માટે બોલાવવામાં આવ્યો હતો, જે દરમિયાન STFને જાણવા મળ્યું કે પાકિસ્તાની એજન્ટે તેની પાસે ઇન્ડિયન એરફોર્સ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સ સ્થળોના ફોટા અને વીડિયો માંગ્યા હતા. અધિકારીએ કહ્યું, ''વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં, ગોહિલે તેના આધાર કાર્ડ પર એક સિમ કાર્ડ ખરીદ્યું અને વન ટાઈમ પાસવર્ડ મદદથી અદિતિ ભારદ્વાજ માટે તે નંબર પર વોટ્સએપ સક્રિય કર્યું.'' આ પછી, તે નંબર પર બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને ઇન્ડિયન એરફોર્સ સંબંધિત તમામ તસવીરો અને વીડિયો શેર કરવામાં આવ્યા હતા.'' ફોરેન્સિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગોહિલ દ્વારા માહિતી શેર કરવા માટે ઉપયોગમાં લેવાતા નંબરો પાકિસ્તાનથી સંચાલિત થઈ રહ્યા હતા.

# ભાજપ-સાથી પક્ષોના CM સાથે વડાપ્રધાનની બેઠક

## રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદ વિરોધી પગલાં પર NDA સરકારના વલણને મજબૂત બનાવવા માટેની એક મહત્વપૂર્ણ ક્ષણ


ફાઈલ તસવીર

નવીદિલ્હી, તા. ૨૪

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ મેના રોજ એક મહત્વપૂર્ણ મુખ્યમંત્રી પરિષદનું નેતૃત્વ કરવાના છે, જેમાં ભાજપના નેતૃત્વ હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ હાજરી આપશે. આ ઉચ્ચ સ્તરીય બેઠક નવી દિલ્હીના અશોક હોટેલ ખાતે સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી યોજાશે. આ પરિષદ ભારતના લશ્કરી ઓપરેશન 'ઓપરેશન સિંદૂર' પછી તરત જ યોજાઈ હતી, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં સ્થિત આતંકવાદી કેમ્પો પર હુમલાઓનો સમાવેશ થતો હતો. આ બેઠકને રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદ વિરોધી પગલાં પર ગઉઅ સરકારના વલણને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ ક્ષણ તરીકે જોવામાં આવી રહી છે, ખાસ કરીને તાજેતરની લશ્કરી કાર્યવાહીને પગલે.

સૂત્રોએ પુષ્ટિ આપી છે કે આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓને ભારતના સફળ આતંકવાદ વિરોધી અભિયાન વિશે માહિતી આપવાનો છે. નેતાઓને 'ઓપરેશન સિંદૂર'ની વિગતો અને લશ્કરી હુમલાઓ પછી ભારતની વ્યાપક સુરક્ષા વ્યૂહરચના વિશે માહિતી આપવામાં આવશે.

આ બાબતથી વાકેફ એક સૂત્રએ જણાવ્યું હતું કે, ‘‘પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર ભારતના હુમલા, ઓપરેશન સિંદૂર અને દુશ્મનાવટનો અંત લાવવાના ચાલુ પ્રયાસો વિશે નેતાઓને માહિતી આપવા માટે એક બેઠક બોલાવવામાં આવી છે.‘‘ આનાથી રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદ પર સરકારના મક્કમ વલણ અંગે પણ એક મજબૂત સંદેશ જશે. આ બેઠકમાં એકંદર સુરક્ષા પરિસ્થિતિ અને તાજેતરના વિકાસને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે ગઉઅના સંકલિત અભિગમ પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે.

૨૫ મેના રોજ યોજાનારી ગઉઅ મુખ્યમંત્રીઓની પરિષદ રાષ્ટ્રીય સુરક્ષા ચર્ચાઓ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ હોવાની અપેક્ષા છે અને આતંકવાદનો સામનો કરવા માટે ભારતના વલણને મજબૂત બનાવશે. તે ભારતની સાર્વભૌમત્વ અને સુરક્ષાના રક્ષણ માટે અતૂટ પ્રતિબદ્ધતા વિશે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક મજબૂત સંદેશ મોકલવા માટે તૈયાર છે.

### સંકલિત રાષ્ટ્રીય સુરક્ષા વલણ

આ પરિષદને રાષ્ટ્રીય સુરક્ષા પર ગઉઅ ની સ્થિતિને મજબૂત બનાવવા અને આતંકવાદ સામે લડવા માટે ભારતના દૃઢ અભિગમ વિશે એકીકૃત સંદેશ મોકલવા માટેના વ્યૂહાત્મક પગલા તરીકે જોવામાં આવી રહી છે. ભારત સરહદ પારના આતંકવાદનો સામનો કરવા માટે રાજદ્વારી પ્રયાસો અને લશ્કરી કાર્યવાહીમાં સક્રિયપણે રોકાયેલું છે, આ પરિષદ રાષ્ટ્રની સુરક્ષા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડશે. આ પરિષદ વિવિધ ગઉઅ શાસિત રાજ્યો વચ્ચે સંકલન માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જેથી ખાતરી કરી શકાય કે રાષ્ટ્રીય સુરક્ષા નીતિઓ સરકારના તમામ સ્તરે સારી રીતે સંકલિત છે.

### આતંકવાદ સામે વૈશ્વિક પહોંચ

સમાંતર રીતે, આતંકવાદ સામે લડવા માટે ભારતના રાજદ્વારી પ્રયાસો વેગ પકડી રહ્યા છે. જેડી(યુ)ના સાંસદ સંજય કુમાર ઝા, જેઓ હાલમાં જાપાન અને અન્ય પૂર્વ એશિયાઈ દેશોમાં બહુપક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે, તેમણે જણાવ્યું હતું કે આતંકવાદ સામેની લડાઈમાં ભારતને જાપાની સંસદસભ્યો તરફથી મજબૂત સમર્થન મળ્યું છે. મીડિયા સાથે વાત કરતા, ઝાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જાપાનના રાષ્ટ્રીય આહારના સભ્યો, જેમાં ભૂતપૂર્વ જાપાની સંરક્ષણ પ્રધાન મિનોરુ કિહારા અને શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ જાપાનના શિનાકો ત્સુચિયાનો સમાવેશ થાય છે, સાથે પ્રતિનિધિમંડળની બેઠકોએ સરહદ પાર આતંકવાદ પર ભારતના વલણ માટે વૈશ્વિક સમર્થનને મજબૂત બનાવ્યું છે. ‘‘અમે તેમને પાકિસ્તાની સેનાપતિઓ આતંકવાદીઓના અંતિમ સંસ્કારમાં કેવી રીતે હાજરી આપતા હતા તેના ફોટોગ્રાફ્સ બતાવ્યા છે, જે પાકિસ્તાનના રાજ્ય પ્રાયોજિત આતંકવાદનો પર્દાફાશ કરે છે,‘‘ ઝાએ ટિપ્પણી કરી. તેમણે એમ પણ કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાય હવે આતંકવાદી પ્રવૃત્તિઓમાં પાકિસ્તાનની સંડોવણીની સંપૂર્ણ હદ સમજે છે, જે ભારતના રાજદ્વારી સંપર્ક દ્વારા વધુ ખુલ્લી પડી છે.



# હિમાચલમાં સ્થિતિ વણસી

## ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

### ૧૫ થી વધુ વાહનો સતલજ નદીમાં વહી ગયા : હવામાન વિભાગે શિમલાના આઠ જિલ્લાઓ કરી વાવાઝોડાની આગાહી

નવીદિલ્હી, તા. ૨૪

હિમાચલ પ્રદેશના રામપુરને અડીને આવેલા કુલ્લુ જિલ્લાના નિર્મંદ બ્લોકમાં જગતખાના ખાતે વાદળ ફાટવાથી નાળામાં પૂર આવ્યું. પૂરના કારણે આવેલા કાટમાળમાં રસ્તાની બાજુમાં પાર્ક કરેલા લગભગ ૧૫ વાહનો સતલજ નદીમાં વહી ગયા હતા. રામપુર સબ-ડિવિઝનમાં ઘણી જગ્યાએ કરા પડ્યા. આનાથી સફરજનના પાકને મોટું નુકસાન થયું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જ્યોતિ રાણાએ જણાવ્યું હતું કે વાદળ ફાટવાની ઘટના કુલ્લુ જિલ્લામાં બની હતી. રામપુરમાં ભારે વરસાદને કારણે ત્રણ રસ્તાઓ બંધ થઈ ગયા હતા. મોડી રાત સુધીમાં ત્રણેય રસ્તાઓ પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા.

ચંબાના પાંગી અને ભરમૌર શિખરો સહિત રોહતાંગમાં હિમવર્ષા થઈ છે. રાજધાની શિમલા, કુલ્લુ, લાહૌલ, ચંબા અને ધર્મશાળામાં વરસાદ પડ્યો. મેદાની જિલ્લાઓમાં તડકો હતો. ઉનામાં મહત્તમ તાપમાન ફરી ૩૯.૨ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે. કોકસર ખીણ સહિત બંજર અને આણીમાં વરસાદ પડ્યો છે. આના કારણે, રવિ પાકની લણણી અને લસણ કાઢવાના કામ પર અસર પડી. કાંગડામાં, ધર્મશાળા, દેહરા, પાલમપુર અને અન્ય સ્થળોએ બપોરે લગભગ ૩ વાગ્યે ભારે વરસાદ શરૂ થયો. બીજી તરફ, હવામાન કેન્દ્ર શિમલાએ રવિવારે આઠ જિલ્લાઓ શિમલા, સોલન, સિરમૌર, મંડી, કુલ્લુ, ચંબા, કિન્નૌર અને લાહૌલ સ્પીતિમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે. આ વિસ્તારોમાં ૨૮ મે સુધી હવામાન ખરાબ રહેવાની શક્યતા છે. ઉના, બિલાસપુર, હમીરપુર અને કાંગડા જેવા મેદાની જિલ્લાઓમાં હવામાન સ્વચ્છ રહેશે.

હવામાન કેન્દ્ર શિમલાના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ૨૦ જૂન સુધીમાં ચોમાસુ આવી શકે છે. કેરળમાં આઠ દિવસ વહેલા ચોમાસાનું આગમન થવાને કારણે, આ વર્ષે રાજ્યમાં ચોમાસુ સામાન્ય કરતાં વહેલું પ્રવેશ કરે તેવી શક્યતા છે. જોકે, આગામી દિવસોમાં ચોમાસાની ગતિ પર પરિસ્થિતિ નિર્ભર રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૫ અને ૨૬ મેના રોજ રાજ્યના ૧૨ માંથી ૯ જિલ્લામાં ગાજવીજ, વીજળી અને ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકવાની શક્યતા છે. આ બે દિવસ માટે, ઉના, હમીરપુર અને બિલાસપુર સિવાય અન્ય જિલ્લાઓમાં પીળો ચેતવણી જારી કરવામાં આવી છે. આ યલો એલર્ટ રાજ્યના તમામ ૧૨ જિલ્લાઓમાં ૨૭ અને ૨૮ મેના રોજ અસરકારક રહેશે. વિભાગે લોકોને ખરાબ હવામાન દરમિયાન સાવધ રહેવા અને બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવાની અપીલ કરી છે. બ્રો તરફ જતા રસ્તા પાસેના નાળામાં પૂર આવ્યું છે. નાળાની આસપાસ રસ્તા પર પાર્ક કરેલા ઘણા વાહનો વહી ગયા અને સતલજ નદીમાં પહોંચી ગયા. નદી કિનારે લગભગ પાંચથી સાત વાહનો દેખાય છે. અહીં પોલીસ સ્ટેશન પાસેના એક ઘરમાં પણ ગટરનું પાણી ઘૂસી ગયું. મહિલા પિંકીએ જણાવ્યું કે તેના ઘરમાં પાણી ઘૂસી ગયું છે. પિંકી અને તેનો પરિવાર ઘરમાંથી વસ્તુઓ કાઢવામાં વ્યસ્ત હતા. મહિલાએ જણાવ્યું કે તેના ઘરના ત્રણેય રૂમમાં પાણી ઘૂસી ગયું હતું.



### રિક્ષાની રાહ જોઇને સગીરા ઉભી હતી ત્યારે તે રિક્ષા લઇને આવ્યો, ફોન નંબરની આપ-લે થઇ, મિત્રતા પછી ન થવાનું બધું થયું

# વિધર્મીએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ આચર્યુ

### દોઢ વર્ષ સુધી સાથે રાખીઃ પરાણે દારૂ પીવડાવતો, ડામ દેતો, બાંધીને માર મારતોઃ ધર્મ પરિવર્તન કરવા દબાણ કરતોઃ અંતે જેલહવાલે થયો

રાજકોટ તા. ૨૪

વિધર્મીઓ અવાર-નવાર યુવતિઓ, સગીરાઓને ફ્રેન્ડશીપના માધ્યમથી ફસાવી જિંદગી બગાડી નાખતા હોય છે. ઘણીવાર તો ફસાયેલી યુવતિ સગીરાને ધર્મ પરિવર્તન માટે પણ દબાણ કરી તેના પર હેવાનીયત ગુજારાતી હોય છે. આવો જ વધુ એક લાલબત્તી સમાન ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે જેમાં સત્તર વર્ષની સગીરાને સોહેલ પઠાણ નામના શખ્સે ફસાવી દોઢ વર્ષ સુધી દૂષ્કર્મ આચર્યુ હતું. તેણીને ધર્મપરિવર્તન કરવા માટે પણ તે સતત દબાણ કરતો હતો. પરાણે દારૂ પીવડાવતો અને સિગારેટના ડામ પણ આપતો હતો. સગીરાએ આક્રંદ સાથે કહ્યું હતું કે આ લોકો પર કોઇ દિવસ વિશ્વાસ ન કરવો!

આ ખળભળાટ મચાવતો કિસ્સો વડોદરા શહેરના આજવા રોડ પરનો છે. અહિ રહેતા સોહેલ પઠાણે સત્તર વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવીને દોઢ વર્ષ સુધી તેના ઘરે રાખીને દુષ્કર્મ આચર્યું હતું. આ સાથે સગીરાને ધર્મપરિવર્તન કરવા માટે દબાણ કરતો હતો. સોહેલની હેવાનિયત અને ત્રાસથી કંટાળીને છેવટે સગીરાએ કપૂરાઇ પોલીસ સ્ટેશનમાં સોહેલ પઠાણ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પહેલીવાર દુષ્કર્મ સમયે પીડિતાની ઉંમર ૧૭ વર્ષ હતી હવે તેની ઉંમર ઓગણીસ વર્ષ છે. જે તે સમયે તે સગીર હોઇ પોક્સો હેઠળ કાર્યવાહી થઇ છે. પીડિતાએ પોતાની વેદના જણાવતાં કહ્યું હતું કે હું ઘરની બહાર નીકળું તો હાથ-પગ તોડી નાખવાની ધમકી આપતો. તે નશો કરી મને બાંધીને મારતો હતો અને મને પણ જબરદસ્તી દારૂ પિવડાવતો હતો. સિગારેટના ડામ પણ આપતો હતો. મારી સાથે જબરદસ્તી પણ કરતો હતો. મારા પરિવારને મારી નાખવાની ધમકી પણ આપતો. મારે તમામને એટલું જ કહેવું છે કે આ જાત પર વિશ્વાસ ન કરતા.

વિશેષ વિગતો જોઇએ તો દુષ્કર્મ પીડિતાએ વિતક વર્ણવતા વાતચીતમાં જણાવ્યું હતું કે હું સોહેલ નાઝીમખાન પઠાણને બે વર્ષ પહેલાં પહેલીવાર કમલાનગર તળાવ પાસે મળી હતી. એ વખતે મારી ઉંમર સત્તર વર્ષ હતી. એ વખતે હું રિક્ષાની રાહ જોઈને ભી હતી, એ સમયે તે રિક્ષા લઈને આવ્યો હતો અને મને પૂછ્યું હતું કે ક્યાં જવું છે? જેથી મેં કહ્યું કે મારે માંડવી જવું છે. ત્યાર બાદ રિક્ષામાં બેઠી હતી અને મારી પાસે છૂટા રૂપિયા નહોતા, જેથી તેણે મને કહ્યું હતું કે તમે મને તમારો કોન્ટેક્ટ નંબર આપો, નહીં તો મારો કોન્ટેક નંબર તમે લઈ લો, પછી તમે મને પૈસા આપી દેજો. હું તમને તમારા ઘરે પણ ઉતારી દઈશ. તે મને ઘરે ઉતારીને નીકળી ગયો હતો. મેં તેને મારો મોબાઇલ નંબર આપ્યો હતો.



પિડીતાએ કહ્યું-મારે હિન્દુ બહેનોને કહેવું છે કે મેં કરી એવી ભુલ કદી ન કરતાં, આ લોકો પર વિશ્વાસ ન કરતાં!

ત્યાર બાદ તેનો એક દિવસ અચાનક મેસેજ આવ્યો હતો. પછી મેં તને રિપ્લાય આપ્યો હતો અને અમે ફ્રેન્ડલી વાતો કરતાં હતાં. એક-બે વખત મળ્યાં હતાં અને પછી અમે પ્રેમસંબંધમાં બંધાયાં હતાં. ત્યાર બાદ તે મને તેના ઘરે લઈ ગયો હતો. શરૂઆતના તેણે મને ખૂબ સારી રીતે રાખી હતી, પરંતુ બે-ત્રણ મહિના પછી તેણે પોતાની હેવાનિયત શરૂ કરી દીધી હતી. તે મને માર મારતો હતો અને મારા પરિવાર સાથે વાત કરવા દેતો નહોતો. મને મારા ઘરે પણ જવા દેતો નહોતો. પિડીતાએ આગળ કહ્યું હું ઘરની બહાર નીકળું તો મારી પર શક કરતો હતો. હું મારા ઘરે જવાની વાત કરું તો મને મારતો હતો અને કહેતો હતો કે આ ઘરની બહાર નીકળીશ તો તારા હાથ-પગ તોડી નાખીશ. એ મને બાંધીને મારતો હતો અને નશો કરીને પણ મારતો હતો. તે મને સિગારેટના ડામ આપતો હતો અને લાકડાથી મારતો હતો. તે મને કહેતો હતો કે તું મારો ઈસ્લામ ધર્મ કબૂલ કર, જેથી મેં કહ્યું હતું કે તારા ધર્મનું તું જો, મારા ધર્મનું હું જોઈશ.

તે ધર્મપરિવર્તન માટે મને ખૂબ જ ટોર્ચર કરતો હતો અને મને ધમકી આપતો હતો કે તારી મમ્મી, નાની અને ભાઈને મારી નાખીશ. તે મારી નાની અને મારી મમ્મીના ઘરે જઈને ઝઘડા કરતો હતો. તે પોતે નશો કરતો હતો અને મને પણ જબરદસ્તી દારૂનો નશો કરાવતો હતો. તેના બધા મિત્રોને ઘરમાં બોલાવીને પણ નશો કરતો હતો. તે મને લગ્નના વાયદાઓ કરતો હતો, પરંતુ મારી સાથે લગ્ન કરતો નહોતો. તેણે મારી સાથે દોઢ વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું હતું. હું ના પાડું તેમ છતાં તે મારી સાથે જબરદસ્તી કરતો હતો.

એક દિવસ હું મારી નાનીના ઘરે ગઈ હતી, જેથી તે અને તેના મિત્રો આવીને મને ધમકાવવા લાગ્યા હતા અને સોહેલે મારી નાનીને રિક્ષાથી ટક્કર મારી દેવાની ધમકી આપી હતી. મારા પરિવારને કંઈ થાય નહીં એ માટે હું તેની સાથે જતી રહી હતી. એ રાત્રે તેણે નશો કરીને મને ખૂબ મારી હતી અને મને જબરદસ્તી દારૂનો નશો કરાવ્યો હતો. તે ચરસ, ગાંજો, સિરપ અને નશાની ગોળીઓ ખાતો હતો. પિડીતા કહે છે હું તેની સાથે બે વર્ષ રહી હતી, પછી મને લાગ્યું કે તે મારે લાયક નથી, જેથી મેં તેને છોડી દીધો હતો. હું મારી નાનીના ઘરે જતી રહી હતી. ત્યાર બાદ હરીશ અંકલના સપોર્ટથી મેં કપૂરાઇ પોલીસ સ્ટેશનમાં તેની સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

મારી માગણી છે કે તેને સજા થવી જોઈએ, જેથી કરીને તેણે મારી સાથે જે કર્યું છે એ બીજી કોઈ છોકરી સાથે ન કરે. મારે બીજી હિન્દુ છોકરીઓને કહેવું છે કે આવા છોકરાનાં લફડાંમાં ફસાશો નહીં, એ થોડા દિવસ તમને સારું લાગશે, પછી તમારી પર જુલમ ગુજારશે. એ લોકોની જાળમાં તમે ફસાશો નહીં. મારી પર સોહેલે જે જુલમ ગુજાર્યો છે એ હું કંઈ કહી શકતી નથી કે સહન કરી શકતી નહોતી. પોલીસે આરોપીને ઝડપીને કાર્યવાહી કરતાં તે જેલહવાલે થયો છે. ગમે તેની સાથે મિત્રતા અને પ્રેમના પાઠ ભણવાનું શરૂ કરતાં પહેલા આ કિસ્સાને ધ્યાને લેવો ખુબ જરૂરી છે.




# ભક્તિનગર રેલ્વે સ્ટેશન ખાતે ચાર ટ્રેનોનો હોલ્ટનો સમય વધારાયો

### DRMને રાજકોટ ચેમ્બર દ્વારા કરાઈ હતી રજૂઆત માત્ર ત્રણ જ દિવસમાં લેવાયો નિર્ણય

રાજકોટ, તા. ૨૪

તાજેતરમાં જ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને ઉછ્બઈઈ મેમ્બર પાર્થ ગણાત્રા દ્વારા ભક્તિનગર સ્ટેશન ખાતે આવતી ચાર ટ્રેનોનો હાલનો હોલ્ટનો સમય માત્ર એક મિનીટનો હોવાથી મુસાફરોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો હતો. ખાસ કરીને ખુબ જ મોટી સંખ્યામાં મુસાફરો કોચમાં ચડવવાથી, ટ્રેન ચુકી જવાની વારંવાર ઘટના બનવી, જે વરિષ્ટ નાગરીકો, મહિલાઓ અને નાના બાળકો સાથેના મુસાફરોને અરસ કરે છે. તેથી મુસાફરોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ભકિતનગર સ્ટેશન ખાતે આવતી ચારેય ટ્રેનોના હોલ્ટનો સમય બે મીનીટનો કરવા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતને સફળતા મળેલ છે અને રાજકોટ રેલ્વે ડીઆરએમ અશ્વિની કુમારએ આ બાબતની ગંભીરતાથી તપાસ કરીને માત્ર ત્રણ જ દિવસમાં રજુઆત મુજબના ફેરફારો કરી ભક્તિનગર ખાતે આવતી નીચે મુજબની ચારેય ટ્રેનોના હોલ્ટનો સમય બે મીનીટનો કરી આપેલ છે. આ તમામ ટ્રેનોનો હોલ્ટનો સમય બે મિનિટ થઈ જતા મુસાફરોને ઘણી રાહતની અનેભૂતિ થાશે.

#### વિવિધ ટ્રેનની યાદી અને બદલાયેલો સમય

૧ ટ્રેનનં.૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ભક્તિનગર સ્ટેશન પર ૦૭:૩૭ વાગ્યે આવશે અને ૦૭:૩૯ વાગ્યે ઉપડશે.

૨ ટ્રેનનં.૧૯૨૦૮ રાજકોટ-પોરબંદર એકસપેસ ભક્તિનગર સ્ટેશન પર ૧૬:૨૫ વાગ્યે આવશે અને ૧૬:૨૭ વાગ્યે ઉપડશે.

૩ ટ્રેનનં. ૫૯૪૨૩ રાજકોટ-વેરાવળ લોકલ ભક્તિનગર સ્ટેશન પર ૦૮:૧૨ વાગ્યે આવશે અને ૦૮:૧૪ વાગ્યે ઉપડશે.

૩ ટ્રેનનં. ૫૯૪૨૧ રાજકોટ-વેરાવળ લોકલ ભક્તિનગર સ્ટેશન પર ૧૮:૩૨ વાગ્યે આવશે અને ૧૮:૩૪ વાગ્યે ઉપડશે. જે તા.30-૦૫-૨૦૨૫ થી અમલમાં આવશે.

# શિવમ પાર્ક ૪ ભવનાથ મંદિર ગંદકીના ગંજમાં ફેરવાયું

### અવારનવાર મંદિર પાસે નાખવામાં આવી રહ્યો છે કચરો, અનેક વખત મનપાને કરાય રજૂઆત છતાં જેસે થે વેસે : ચોમાસા પૂર્વે આ તકલીફનું નિવારણ લાવવા રહેવાસીઓની માંગ

રાજકોટ, તા. ૨૪

વરસાદ નો સમય આવે અને રાજકોટના અનેકવિધ વિસ્તારોમાં રહેવાસીઓને ઘણી ખરી તકલીફનો સામનો કરવો પડતો હોય છે કારણ કે યોગ્ય રીતે તેમના વિસ્તારની સાફ-સફાઈ કરવામાં ન આવતા કચરો એક જ જગ્યાએ એકત્રિત થતો હોય છે અને વરસાદી પાણી સાથે ભળી રોગચાળો વકરે છે આ પ્રકારની એક નહીં અનેકવિધ ફરિયાદો મહાનગરપાલિકાને કરવામાં આવતી હોય છે પરંતુ મહાનગરપાલિકાના સંબંધિત વિભાગ દ્વારા આ અંગે યોગ્ય પગલાં લેવામાં આવતા ન હોવાનું પણ માલુમ પડ્યું છે.

હાલ રાજકોટ શહેર ખાતે આવેલા રોડમાં શિવમ પાર્ક ચાર ના રહેવાસીઓ દ્વારા અનેક વખત ફરિયાદો કરવામાં આવી રહી છે કે ભવનાથ મંદિર પાસે લોકો અવારનવાર કચરો નાખી જાય છે અને આ કચરાના કારણે ગંદકી સતત પ્રસરી રહી છે. કોર્પોરેશનને રજૂઆત કરવામાં આવી જતા કોઈપણ પ્રકારનું પગલું લેવામાં આવ્યું નથી અને પરિણામ સ્વરૂપે રહેવાસીઓને બીમારી ફેલાવવાનો ભય પણ લાગી રહ્યો છે. રહેવાસી હોય એવી પણ ફરિયાદ કરી હતી કે જેમ નિયમિત સાફ-સફાઈ વિસ્તારની થવી જોઈએ તે થતી નથી જેને લઈને મહાનગરપાલિકા ગંભીરતાપૂર્વક વિચાર કરે તે ખૂબ જરૂરી અને આવશ્યક છે. ત્યારે આગામી દિવસોમાં જો આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં ન આવ્યો તો લોકોએ ચીમકી પણ ઉચ્ચારી છે.

આ ફરિયાદ માત્ર એક કે બે મહિનાથી નહીં પરંતુ સાતથી આઠ વર્ષ થી ચાલી રહી છે તેની વારંવાર ફરિયાદો કરવા છતાં તંત્ર દ્વારા મગનું નામ મરી પાડવામાં આવતું નથી ત્યારે આ સમસ્યાનું તાકીદે નિવારણ લાવવામાં આવે તે અંગે પણ હાલ માંગ કરવામાં આવી છે. કોઈપણ વિસ્તારનો વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે માળખાગત સુવિધા તેઓને મળતી હોય



હાલ જે વિસ્તારનો પ્રશ્ન છે તે વિસ્તારમાં ડામર રોડ પણ બનાવવામાં આવ્યો નથી જેથી આ વિસ્તારમાંથી પસાર થતાં યાત્રિકોને પણ ઘણી તકલીફ વેઠવી પડતી હોય છે અને ચોમાસાની ઋતુ નજીક હોવાથી હાલ લોકોમાં આ અંગે ભય પણ વ્યાપી ઊઠ્યો છે ત્યારે હવે તંત્ર આ અંગે કઈ રીતે પગલાં લે છે તે હવે જોવાનું રહ્યું કારણ કે મહાનગરપાલિકા દ્વારા તો પ્રિમોન્સૂન કામગીરી કરવાની મોટી મોટી વાતો તો કરવામાં આવે છે પરંતુ આ પ્રકારના જે વિસ્તારો છે તેમાં આજની તારીખે એવું કોઈ નક્કર કામ કરવામાં આવ્યું નથી.

આગામી સમયમાં ચોમાસુ શરૂ થશે દર વર્ષે ચોમાસા દરમિયાન પાણી ભરાવાથી ગંદકીનું સામ્રાજ્ય ફેલાઈ જાય છે. અને અનેક લોકો બીમારીઓ ભોગ બને છે. આ ઉપરાંત સાફસફાઈ થતી ના હોવાના કારણે ચોમાસામાં તમામ કચરો લોકોના ઘર ઘૂસી જતો હોઈ છે. આ તકલીફનું સમાધાન કરાવવામાં આવે તેવી રહેવાસીઓની ઉગ્ર માંગ ઉઠી છે.

# દબાણો પર બુલડોઝર ન ફેરવ્યું પણ કર્યું સીલ શા માટે?

### ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા જયાં ભક્તિ ચાલે ત્યાં સીલ અને ન ચાલે તો બુલડોઝર : બેધારી નીતિ ક્યાં સુધી?

રાજકોટ, તા. ૨૪

શુક્રવારે મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ થયેલા હોય તેને તોડી પાડવાના બદલે સીલ કરવામાં આવ્યા હતા પરંતુ વોર્ડ નંબર ૨ ,૩ અને સાતમા જે ગેરકાયદે બાંધકામો હોવા છતાં સીલની કામગીરી થતા અધિકારીઓ સામે પ્રશ્ન ઊભા થઈ રહ્યા છે. હાલ મહાનગરપાલિકા ઉપર આરોપ લગાવવામાં આવી રહ્યા છે કે ટાઉન પ્લાનિંગ શાખાની રહેમ નજર હેઠળ ઘણા ખરા એવા બાંધકામો છે કે જેને સીલ કરવામાં આવ્યા હોય તો અન્ય કિસ્સામાં ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ગેરકાયદે બાંધકામ ધરાવતી મિલકતો ને તોડી પાડવામાં આવે છે અને કાયદાકીય પગલાઓ પણ લેવાય છે ત્યારે આ પ્રકારની મિલકતોને સીલ કરવાનો મતલબ શું? તો આવા તો રાજકોટમાં ઘણા ખરા બાંધકામો છે તો કેમ તેઓને તોડી પાડવામાં આવ્યા અને કેમ શીલની કામગીરી ન કરાય.

આ અંગે અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે મળતી માહિતી મુજબ કમિશનર દ્વારા આ પ્રકારના બાંધકામો અંગે કેમ કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી તેવા પણ પ્રશ્નો ની હાર માળા સર્જાય છે. ભૂતકાળમાં મહાનગરપાલિકા દ્વારા આર્કિટેક્ટનું લાઈસન્સ પણ રદ કરી દેવામાં આવતું હતું જે કામગીરી પણ હાલ ખોરંબે ચડી છે અને આ કામગીરી હાલ કરવામાં પણ આવતી નથી. ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર એ વાત સાચી છે કે લાગતા વળગતા લોકોને જ મહાનગરપાલિકા સંપૂર્ણપણે પહોંચે છે અને જ્યાં તેની ભક્તિ ન ચાલે તે મિલકતને તોડી પાડવામાં આવે છે આવી તો ઘણી ખરી મિલકતો ને નોટીશો બજાવવામાં આવી પરંતુ તે નોટિસ ની જો ગંભીરતાપૂર્વક વાત કરવામાં આવે તો જે તે ગેરકાયદે દબાણ કરવામાં આવેલું હોય તેને દૂર કરવા માટે એટલે કે બુલડોઝર ફેરવવા માટે જણાવવામાં આવ્યું છે પરંતુ હાલ બે દિવસ પહેલા જે ગેરકાયદે બાંધકામોનો ખડકલો જોવા મળ્યો અને તેમાં સીલ કરવામાં આવ્યું તે કામગીરીથી અનેક પ્રશ્નો ઊભા થયા છે.

### સોશિયલ મિડીયાનો સૌથી વધુ દુરૂપયોગ થાય છે ફ્રોડમાં અને સગીરાઓને ફસાવવામાં

# ઈન્સ્ટાગ્રામીયા ફ્રેન્ડની ૧૪ વર્ષની બાળા સાથે હવસખોરી

### બ્લેકમેઈલ કરી રાતે મળવા બોલાવી બીજા દિવસની બપોર સુધી ગોંધી રાખીઃ પરિવારજનો શોધવા નીકળતાં ભયભીત મળીઃ પૃછા થતાં ઘટના વર્ણવીઃ પોલીસે પોક્સો હેઠળ કરી કાર્યવાહી

રાજકોટ તા. ૨૪

સોશિયલ મિડીયાના અલગ અલગ માધ્યમનો સૌથી વધુ દુરૂપયોગ લોકોને છેતરવામાં અને લવલફરા ફ્રેન્ડશીપના નામે સગીરાઓ, યુવતિઓને ફસાવવામાં થાય છે. આ પ્રકારની ઘટનાઓ સતત સામે આવતી રહે છે. આમ છતાં લોકો ભુલ કરી જાય છે અને છેતરાઇ જાય છે, ભોગ બની જાય છે. એક લેભાગુ ઢગાએ સોશિયલ મિડીયા થકી ચૌદ વર્ષની બાળાને મિત્રતાની જાળમાં ફસાવી બાદમાં તેના ફોટા મેળવી જો રાતના સમયે મળવા નહિ આવે તો સોશિયલ મિડીયામાં ફોટા વાયરલ કરી દઇશ તે રીતે ધમકાવી બ્લેકમેઇલ કરી ગોંધી રાખી દૂષ્કર્મ આચર્યુ હતું. બીજા બનાવમાં પણ એક પીરણીતાનો સ્નાન કરતો વિડીયો ઉતારી લઇ વાયરલ કરવાની ધમકી દઇ હવસખોરે બળાત્કાર ગુજાર્યો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો લાલબત્તી સમાન આ બનાવ અમદાવાદ શહેરમૉ બન્યો છે. અનિલ સ્ટાર્ચ મીલ રોડ હીરાવાડીમાં રહેતા એક યુવકે તેની જ ચાલીમાં રહેતી એક ચૌદ વર્ષની સગીરા સાથે સોશિયલ મિડીયા દ્વારા મિત્રતા કેળવીને તેને પ્રેમજાળમાં ફસાવીને તેને ધમકી આપી હતી કે જો રાતના સમયે મળવા નહી આવે તો તે સોશિયલ મિડીયામાં ફોટો વાયરલ કરી દેશે. બાદમાં સગીરા ગભરાઈને યુવકને મળવા માટે ગઇ હતી. જ્યાં યુવકે તેને બપોરના બાર વાગ્યા સુધી ગોંધી રાખીને તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. આ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે હીરાવાડી અનિલ સ્ટાર્ચ મીલ રોડ પર આવેલી એક ચાલીમાં રહેતા પરિવારના સભ્યો ગત રાત્રીએ અગાશી પર સુતા હતા ત્યારે રાતના ત્રણ વાગે માતા જાગી ત્યારે જોયુ તો તેમની ચૌદ વર્ષની પુત્રી ત્યાં હાજર નહોતી. જેથી મહિલાએ તેના પતિ અને અન્ય પરિવારજનોને જગાડયા હતા. તેમણે



આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ, સવારે અગિયાર વાગ્યા સુધી કોઇ ભાળ મળી નહોતી. બીજી તરફ મહિલાએ તેમના દિયરની પુત્રીને પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેમની જ ચાલીમાં રહેતો જય ઠાકોર નામનો બાવીસ વર્ષનો યુવક સગીરાના સંપર્કમાં હતો. જેથી પરિવારના સભ્યોએ જયના ઘરમાં જઇને તપાસ કરી ત્યારે સગીરા ગભરાઇ ગયેલી હાલતમાં મળી આવી હતી. પરિવારજનોએ તેને વિશ્વાસમાં લઇને પુછપરછ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે જય ઠાકોરે એક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ પરથી ફ્રેન્ડશીપ રીકવેસ્ટ મોકલીને તેની સાથે પ્રેમની વાત કરીને ભોળવીને વિશ્વાસમાં લીધી હતી.

ત્યારબાદ તે ટયુશન ક્લાસ સુધી પીછો કરતો હતો. આ દરમિયાન તેણે બંનેના ફોટો પાડયા હતા. તેણે સગીરાને ધમકી આપી હતી કે રાતના બધા જ સુઇ જાય પછી ઘરે આવજે અને જો નહી આવે તો ફોટો વાયરલ કરીને બદનામ કરશે. જેથી સગીરા ડરીને જયના ઘરે પહોંચી ત્યારે તેણે તેની સાથે ચાર વાર દુષ્કર્મ કર્યુ હતું અને ધમકી આપી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે જય ઠાકોર વિરૂદ્ધ પોક્સો, દુષ્કર્મ સહિતનો ગુનો નોંધીને પોલીસ ઇન્સ્પેક્ટર એમ.ડી ચંદ્રાવાડીયાએ તપાસ શરૂ કરી છે.

બીજો દૂષ્કર્મનો બનાવ અમરેલીના લાઠીમાં બન્યો છે. બત્રીસ વર્ષીય પરિણિત મહિલા ıાન કરતી હોય તેવા વિડીયો ઉતારી વાયરલ કરી દેવાની ધમકી આપી અહી જ રહેતા એક શખ્સે તેના પર વારંવાર દુષ્કર્મ ગુજારતા આ બારામા મહિલાએ લાઠી પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે. મહિલા પર દુષ્કર્મની આ ઘટના લાઠીમા બની હતી. અહી રહેતી એક ૩૨ વર્ષીય મહિલા પોતાના મકાનમા ıાન કરતી હતી ત્યારે સોહીલ રહીમ બ્લોચ નામના શખ્સે તેના ફોટા અને વિડીયો ઉતારી લીધા હતા અને બાદમા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ શખ્સે અવારનવાર બળજબરીપુર્વક દુષ્કર્મ ગુજાર્યુ હતુ. આ ઉપરાંત આ શખ્સે મહિલા પાસે અલગ અલગ સમયે ફોટા વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી છ લાખ રોકડા પડાવી લીધા હતા. બનાવની વધુ તપાસ પીઆઇ એસ.એમ. સોની ચલાવી રહ્યાં છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# નશા મુક્તિનો નશો ચઢ્યો!

## બેઠકના નામે નાટક : વાતોના વડા છોડીને પરિણામ આપો



સિક્રેટ ગણાય તેવી જગ-જાહેર વાત એ છે કે, રંગીલું રાજકોટ હવે નશીલું રાજકોટ બની ગયું છે. તમાકુ-ફાકી-ગુટખા જેવા વ્યસનો તો અતિ સામાન્ય બની ગયા છે. હવે તો દેશી-વિદેશી દારૂ પણ જૂનું વ્યસન બની ગયું છે. રાજકોટ તો હવે ડ્રગ્સના રવાડે ચઢી ગયું છે. તંત્રની અપાર કૃપાથી રાજકોટ સાવ ખોખલું બનવા લાગ્યું છે.

આ સામે તંત્ર નાટક કરે છે સિક્રેટ ગણાય તેવી જગજાહેર બીજી વાત એ છે કે, તંત્રને હપ્તા ખાવાનો નશો બરાબરનો ચઢ્યો છે. દેશી-વિદેશી-દારૂ-ડ્રગ્સ-સિરપ-ગાંજા વગેરે ગેરકાયદે ધંધા બેફામ અને ગલીએ-ગલીએ શરૂ થઇ ગયા છે. કાયદો ખુદ ડૂબી જાય તેટલો દારૂ ઉપલબ્ધ રહે છે.

આવા સમયે યુદ્ધ જેવી સ્થિતિ બનવી જોઇએ. આવું કરવાને બદલે કલેક્ટર કચેરીમાં નાટક ચાલે છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટર પ્રભવજીની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો-કો-ઓર્ડિનેશન સેન્ટરની બેઠક યોજાઇ હતી. કલેક્ટરે ડ્રગ્સ-નશીલી દવાઓ શાળા આસપાસ તમાકુ વેચાણ કરતા વ્યાપારીઓ પર કડક હાથે કામ કરવા સુચના આપી હતી. આ ઉપરાંત નશામુક્તિ અભિયાન ચલાવવા અને વ્યસન મુક્તિનો પ્રચાર કરવા સુચના આપી હતી.

આ બધી વાતો ડાહી-ડાહી લાગે. પણ, વાસ્તવમાં આવી બેઠકો-સુચનાઓની કંઇ વેલ્યુ હોતી નથી. વ્યસન મુક્તિ અભિયાન ચલાવનારાને અભિયાનનો નશો ચઢી ગયો હતો છે. વાસ્તવમાં વ્યસનને પ્રોત્સાહન મળે તેવો માહોલ સર્જાઇ ગયો છે. આવા સમયે એસી ઓફિસમાં બેસીને વાતો કરવી-સુચનાઓ આપવી એ નાટક જ ગણાય.

ખરેખર રાજકોટને બચાવવું હોય તો અધિકારીઓએ ખુદે મેદાનમાં આવવું પડે. કલેક્ટર ખુદ રાજકોટના ખુણે-ખુણે ફરે અને દશા જુએ. સૌપ્રથમ તો હપ્તાના નશા ચઢ્યા છે. તેવા તંત્રની દવા કરવી પડે તેમ છે. માત્ર તંત્ર જ નહિ, આ ધંધામાં ઘણાં રાજકીય માથાઓના પણ આશીર્વાદ છે અને તેના હિત છે. આવા તત્વોના હિંમતથી પર્દાફાસ કરીને કાનુની કાર્યવાહી થવી જોઇએ.

આ પ્રથમ તબક્કો પુરો થયા બાદ દારૂના-વ્યસનના નાના-મોટા ધંધાર્થીઓ અને દારૂડિયાઓ પર ત્રાટકવું જોઇએ. ગેરકાયદે વ્યસનનું એક પણ ટીપું કે કણી પ્રાપ્ત ન થાય તેવી સ્થિતિ બનવી જોઇએ. માત્ર બેઠકો-વાતો કર્યે રાખવાથી કંઇ થયું નહિ અને થવાનું પણ નથી. દંભ-દેખાડો-નાટક જ ગણાય.

વ્યસન મુક્તિ અભિયાન ચાલે છે. બીજી બાજુ વ્યસનનો વધતા જ જાય છે. ખરેખર અભિયાન ચલાવવું જ હોય તો નવા વ્યસનીઓ ન બને તે માટે અભિયાન ચલાવવું જોઇએ. આવા અભિયાનમાં પણ પ્રસિધ્ધિના મોહ રાખવાને બદલે પરિણામલક્ષી અભિયાનના મોહ રાખવા જોઇએ.

તંત્ર અને વ્યસનના ધંધાર્થીઓના મહાસંગમના કારણે કાયદાના ધજાગરા ઉડ્યા છે. તેથી રંગીલું રાજકોટ નશીલું બની ગયું છે. પ્રભવભાઇએ બેઠકમાં આદેશો આપ્યા છે. આદેશોના અમલ કેટલા થાય છે. પરિણામલક્ષી કામગીરી થાય છે કે નહિ તેના પર ફોકસ રાખશો તો ખ્યાલ આવી જશે કે મીટિંગ-આદેશ નાટ જ હતા.






# રાહુલ J&Kના પીડિતોને મળવા પહોંચ્યા પૂંછ

### લોકસભામાં વિરોધ પક્ષના નેતાની આ કેન્દ્રશાસિત પ્રદેશની બીજી મુલાકાત : તૃણમૂલ કોંગ્રેસના ૫ સાંસદો ડેરેક ઓ'બ્રાયન, સાગરિકા ઘોષ, મોહમ્મદ નદીમુલ હક, પશ્ચિમ બંગાળના મંત્રી માનસ ભૂનિયા અને ભૂતપૂર્વ સાંસદ મમતા ઠાકુર ૩ દિવસ માટે પૂંછ-રાજૌરીના પ્રવાસે હતા

નવીદિલ્હી, તા. ૨૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી શનિવારે જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારના પીડિતોને મળવા પહોંચ્યા હતા. ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા ક્રૂર આતંકવાદી હુમલા પછી લોકસભામાં વિરોધ પક્ષના નેતાની આ કેન્દ્રશાસિત પ્રદેશની બીજી મુલાકાત છે. આ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા, જેમાંથી મોટાભાગના પ્રવાસીઓ હતા.

ગાંધીજી ૨૫ એપ્રિલે આતંકવાદી હુમલામાં ઘાયલ થયેલા લોકોને મળવા શ્રીનગર ગયા હતા. તે સમયગાળા દરમિયાન તેઓ લેફ્ટનન્ટ ગવર્નર, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી અને અનેક હિતધારકોને પણ મળ્યા હતા. કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું હતું કે ગાંધી શનિવારે સવારે જમ્મુ એરપોર્ટ પર પહોંચ્યા હતા અને સરહદ પારથી થયેલા ગોળીબારથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેવા અને શોકગ્રસ્ત પરિવારોને મળવા માટે હેલિકોપ્ટર દ્વારા પૂંચ જવા રવાના થયા હતા.

પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતે ૬ મેના રોજ મોડી રાત્રે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર સચોટ હુમલા કર્યા હતા. આ પછી, પૂંછ સેક્ટરમાં ગોળીબાર વધી ગયો હતો. નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારોમાં રહેતા હજારો લોકોએ પોતાના ઘર છોડીને સરકારી રાહત શિબિરોમાં આશરો લીધો. ચાર દિવસ સુધી સરહદ પારથી થતા ડ્રોન અને મિસાઇલ હુમલાઓ બાદ ભારત અને પાકિસ્તાન ૧૦ મેના રોજ લશ્કરી મુકાબલો સમાપ્ત કરવા સંમત થયા હતા.

જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસના પ્રમુખ તારિક હમીદ કારાએ શનિવારે જણાવ્યું હતું કે, ''ગાંધી ગોળીબારથી પ્રભાવિત થયેલા માળખાઓની મુલાકાત લેશે, જેમાં એક ગુરુદ્વારા, એક મંદિર, એક મદરેસા અને એક ખ્રિસ્તી મિશનરી સ્કૂલનો સમાવેશ થાય છે.'' તેઓ શોકગ્રસ્ત પરિવારો અને નાગરિક સમાજના સભ્યોને પણ મળશે. ''ગાંધીજી પહેલા રાષ્ટ્રીય નેતા છે જેમણે અસરગ્રસ્ત લોકો સુધી પહોંચીને એકતા વ્યક્ત કરી અને તેમના દુઃખમાં ભાગીદારી કરી,'' તેમણે કહ્યું. આતંકવાદી હુમલા પછી ગયા મહિને જમ્મુ અને કાશ્મીરની મુલાકાત દરમિયાન, ગાંધીએ કહ્યું હતું કે આતંકવાદી હુમલા પાછળનો ખ્યાલ દેશના લોકોને વિભાજીત કરવાનો હતો અને ભારત એક થાય અને આતંકવાદને હંમેશા માટે હરાવે તે મહત્વપૂર્ણ છે.

રાહુલ ગાંધી પહેલા, તૃણમૂલ કોંગ્રેસના ૫ સાંસદો ડેરેક ઓ'બ્રાયન, સાગરિકા ઘોષ, મોહમ્મદ નદીમુલ હક, પશ્ચિમ બંગાળના મંત્રી માનસ ભૂનિયા અને ભૂતપૂર્વ સાંસદ મમતા ઠાકુર ૩ દિવસ માટે પૂંછ-રાજૌરીના પ્રવાસે હતા. અહીં તેઓ પાકિસ્તાની ગોળીબારથી પ્રભાવિત વિસ્તારોમાં ગયા અને ઘાયલો અને મૃતકોના પરિવારોને મળ્યા. સાંસદ ડેરેક ઓ'બ્રાયને કહ્યું કે અમે પ્રેમનો સંદેશ પાછો લઈ રહ્યા છીએ. પશ્ચિમ બંગાળ અને જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રીઓ સંપર્કમાં રહેશે અને સાથે મળીને કામ કરશે. અમે જે પરિવારોને મળ્યા હતા તેમને અમે કહ્યું છે કે અમે તેમની દુર્દશા સંસદમાં ઉઠાવીશું.

# આતંકી હુમલામાં ૪૦ વર્ષમાં ૨૦,૦૦૦ મોત

### ભારતે સંયુક્ત રાષ્ટ્ર સંઘ સમક્ષ પાકિસ્તાનનો અસલી ચહેરો કર્યો ઉજાગર

નવીદિલ્હી, તા. ૨૪

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધુ વધી ગયો છે. શનિવારે ભારતે સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ પાકિસ્તાનનો અસલી ચહેરો ઉજાગર કર્યો. હકીકતમાં, ભારતે શનિવારે સિંધુ જળ સંધિ પર ખોટી માહિતી આપવા બદલ પાકિસ્તાનની ટીકા કરી હતી, જેને પહેલગામમાં આતંકવાદી હુમલા પછી ભારત સરકારે સ્થગિત કરી દીધી હતી. સિંધુ જળ સંધિના મુદ્દા પર વાત કરતી વખતે, સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાની પ્રતિનિધિએ કહ્યું, 'પાણી જીવન છે, યુદ્ધનું શસ્ત્ર નથી.' આ અંગે પ્રતિક્રિયા આપતા, ભારતના સ્થાયી પ્રતિનિધિ અને રાજદૂત પર્વતાનેની હરીશે જણાવ્યું હતું કે જ્યાં સુધી પાકિસ્તાન આતંકવાદને પોષવાનું બંધ ન કરે ત્યાં સુધી આ સંધિ સ્થગિત રહેશે. હરીશે યુએન સમક્ષ કેટલાક મુદ્દા મૂકીને પાકિસ્તાનનો પર્દાફાશ કર્યો.

હરીશે કહ્યું કે ભારતે આ સિંધુ જળ સંધિ પર સદ્ભાવના અને મિત્રતાથી હસ્તાક્ષર કર્યા હતા. પરંતુ છેલ્લા ૬૫ વર્ષમાં એક પણ વાર પાકિસ્તાને મિત્રતા દાખવી નથી. આ વર્ષો દરમિયાન પાકિસ્તાને ભારત પર હજારો આતંકવાદી હુમલા કર્યા છે. આ હુમલાઓમાં ભારતના લગભગ ૨૦,૦૦૦ નાગરિકો



માર્યા ગયા. તેમણે વધુમાં કહ્યું કે આ છતાં, ભારતે ધીરજથી કામ કર્યું અને ઉદારતા દાખવી. પરંતુ હવે આ એક નવું ભારત છે જે કોઈપણ પ્રકારના આતંકવાદને સ્વીકારશે નહીં.

હરીશ કહે છે કે પાકિસ્તાને માત્ર સરહદ પર આતંકવાદી હુમલાઓ જ કર્યા ન હતા, પરંતુ ભારત દ્વારા શરૂ કરાયેલા પ્રોજેક્ટ્સ પર પણ હુમલો કર્યો હતો, જેની ઊર્જા ઉત્પાદન અને આબોહવા પરિવર્તન પર ભારે અસર પડી હતી. તેમણે કહ્યું કે ૨૦૧૨ માં, આતંકવાદીઓએ જમ્મુ અને કાશ્મીરમાં બનેલા તુલબુલ નેવિગેશન પ્રોજેક્ટ પર પણ હુમલો કર્યો હતો. પાકિસ્તાન તરફથી આવા હુમલાઓ પ્રોજેક્ટ્સની સુરક્ષા અને નાગરિકોના જીવન માટે ખતરો છે.

હરીશે કહ્યું કે પાકિસ્તાન એ વાતનો ઇનકાર કરી શકે નહીં કે તે આતંકવાદને પોષી રહ્યું નથી. પાકિસ્તાનમાં વધતો આતંકવાદ ભારત માટે મોટો ખતરો છે. તેમણે કહ્યું, 'આ સંધિ ત્યાં સુધી સ્થગિત રહેશે જ્યાં સુધી પાકિસ્તાન, જે આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર છે, સરહદ પારના આતંકવાદને વિશ્વસનીય અને અફર રીતે સમર્થન આપવાનું બંધ ન કરે.' તેમણે વધુમાં કહ્યું કે પાકિસ્તાન જ સિંધુ જળ સંધિનું ઉલ્લંઘન કરી રહ્યું છે.

૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારત સરકારે એક દિવસ પછી, એટલે કે ૨૩ એપ્રિલે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિ રદ કરી દીધી. જે પછી, ભારતીય સેનાએ ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં પ્રવેશ કર્યો અને ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. ૧૦ મેના રોજ, પાકિસ્તાને ભારત સમક્ષ આત્મસમર્પણ કર્યું અને બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ પર હસ્તાક્ષર થયા.

# GDP વૃદ્ધિ, વસ્તી વ્યવસ્થાપન અને AI ભવિષ્યનો લક્ષ્ય

### નીતિ આયોગની ૧૦મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં લેવાયો નિર્ણય

નવીદિલ્હી, તા. ૨૪

આજે નીતિ આયોગની ૧૦મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ ત્રણ પેટા-જૂથોની રચનાનું સૂચન કર્યું - ર્ઞ્ઉઙ વૃદ્ધિ, વસ્તી વ્યવસ્થાપન અને અઈનો લાભ લેવા પર. તેમણે કહ્યું કે રાજ્યોના ત્રણ કેન્દ્રિત પેટા-જૂથો કેન્દ્ર અને નીતિ આયોગ સાથે મળીને કામ કરશે. નાયડુનો ટીડીપી કેન્દ્ર અને રાજ્યમાં ભાજપનો સાથી પક્ષ છે. જીડીપી વૃદ્ધિ પરના પ્રથમ પેટા-જૂથનો ઉદ્દેશ્ય પીપીપી પ્રોજેક્ટ્સ માટે કેન્દ્રીય વાયેબિલિટી ગેપ ફંડિંગ દ્વારા રોકાણ, ઉત્પાદન, નિકાસ અને રોજગાર સર્જનને વેગ આપવાનો રહેશે.

વસ્તી વ્યવસ્થાપન પરનો બીજો પેટા-જૂથ ભારતને વૃદ્ધત્વ અને ઓછી પ્રજનન ક્ષમતા જેવા ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે તૈયારી કરતી વખતે તેના વસ્તી વિષયક લાભનો ઉપયોગ કરવામાં મદદ કરશે. નાયડુએ જણાવ્યું હતું કે ત્રીજો જૂથ ટેકનોલોજી-સંચાલિત શાસન પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં વાસ્તવિક સમય, નાગરિક-કેન્દ્રિત વહીવટ માટે અઈ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, ડ્રોન અને ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવશે.



નાયડુએ કહ્યું કે ગોલ્ડન આંધ્ર ૨૦૪૭ વિઝન રાષ્ટ્રીય વિકાસ માટે એક સ્કેલેબલ, સમાવિષ્ટ મોડેલ પ્રદાન કરે છે. તેમણે આંધ્રપ્રદેશની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી અને મજબૂત, સંકલિત નેતૃત્વ દ્વારા રાજ્યો રાષ્ટ્રીય પરિવર્તનને કેવી રીતે આગળ ધપાવી શકે છે તેનું ઉદાહરણ આપ્યું.

નાયડુએ પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી અને સશસ્ત્ર દળોના નિર્ણાયક ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી. તેમણે કટોકટી દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પણ પ્રશંસા કરી.

ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગે છે તેમ જણાવતા, નાયડુએ ડિજિટલ ઇન્ડિયા, જીએસટી, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, પીએમ ગતિ શક્તિ અને જળ જીવન મિશન જેવા પરિવર્તનકારી સુધારાઓની પ્રશંસા કરી, જેણે દેશના વિકાસના પરિદૃશ્યને ફરીથી વ્યાખ્યાયિત કર્યું છે. ઓપરેશન સિંદૂર દ્વારા દર્શાવવામાં આવેલા ભારતના મજબૂત વૈશ્વિક કદ પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે યોગ્ય સમયે યોગ્ય નેતા હોવું એ દેશને તેના મહત્વાકાંક્ષી લક્ષ્યો તરફ યોગ્ય દિશામાં લઈ જવા માટે મહત્વપૂર્ણ રહ્યું છે.

તેમણે કહ્યું કે આંધ્રપ્રદેશનો ઉદ્દેશ્ય નવીન ઙ૪ મોડેલ દ્વારા ૨૦૨૯ સુધીમાં શૂન્ય ગરીબી હાંસલ કરવાનો છે, જે સરકાર, ખાનગી ક્ષેત્ર અને નાગરિક પ્રયાસોને એક કરે છે જેથી નબળા પરિવારોને ટેકો મળે અને આર્થિક ઉત્થાનને પ્રોત્સાહન મળે. ટેકનોલોજી-આધારિત વિકાસને અનુસરીને, રાજ્યએ અમરાવતીમાં ક્વોન્ટમ વેલી, ઓરવાકલમાં ડ્રોન સિટી અને વિશાખાપટ્ટનમમાં બાયોમેડિકલ મેન્યુફેક્ચરિંગ જેવા કેન્દ્રો સ્થાપ્યા છે, જ્યારે અઈ-સંચાલિત શાસન અને રતન ટાટા ઇનોવેશન હબ સ્ટાર્ટઅપ્સ અને રોજગાર સર્જનને ટેકો આપે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## સમાજ દર્શન

# શું સમય પ્રમાણે ત્રણવાર બંદગી કરવી એ જ છે ધર્મની વ્યાખ્યા ??!



ઓપરેશન સિંદુર પછી સોશિયલ મીડિયા એકદમ એક્ટિવ થઇ ગયું છે! કોઈ કોઈ મુસ્લિમ હિન્દુ સનાતન ખૂબ ઉચ્ચ આદર્શ ધર્મ છે, એવાં વિડિયો વાયરલ કરે છે, તો કોઈ કોઈ હિન્દુ ધર્મને નામે કંઈ જ કરતો નથી, માટે જો આવનારી પેઢી ધ્યાન દેશે નહીં તો હિન્દુ ધર્મ નષ્ટ થશે! એવાં પણ વિડિયો વાયરલ કરે છે. વિશ્વનાં ૪૦ ઉપરના દેશો ઈસ્લામ ધર્મને અનુસરે છે, આ ઉપરાંત હિન્દુ જેમ મુસ્લિમ પ્રજા પણ વિશ્વના બધા જ દેશોમાં વસવાટ કરે છે! અને એ પણ કટ્ટર ધર્મ ચુસ્ત રીતે! એટલે બહુ સ્વાભાવિક રીતે જ ચિંતિત કરે એવી વાત તો છે જ. કારણકે આઝાદી પછી ભારતનાં રાજકારણમાં આ વખતને બાદ કરતાં એક વાત આટલા વર્ષોથી જોવા મળી રહી છે, અને એ છે કોમવાદ! પાડોશમાં રહેતાં હિન્દુ મુસ્લિમ પરિવારમાં ગમે તેટલો ભાઈચારો હોય, પણ રાજકારણને કારણે આવા સમયે કોઈને કોઈ પ્રકારના કોલાહલો થાય, અને સમાજમાં એના પડઘા પડે! પણ સનાતન હિન્દુ ધર્મની તોલે કોઈ આવે નહીં એટલે આ વખતની જેમ દર વખતે એ લોકો બચી જાય .

વિશ્વભરમાં પ્રસરેલી હિન્દુ પ્રજા પોતાના સ્વભાવની મીઠાશને કારણે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઈ છે, અને હવે તો મહત્વના હોદ્દા પર પણ એનો પ્રવેશ થયો છે. નો ડાઉટ! એ લોકોની સંસ્કૃતિને અપનાવી રહી છે, અને આહાર વિહાર પણ બગાડ્યા છે, પરંતુ સાથોસાથ આપણી સંસ્કૃતિ પણ ત્યાં ઉજાગર કરી રહી છે, એ ભૂલવું જોઈએ નહીં. બોલીવુડ આપણે ત્યાં આ બધી વાતનું પેરામીટર ગણાય છે, તો જ્યારે જ્યારે હીરો હીરોઇને લગ્ન કર્યા! આપણે જોયું કે દરેક હિરોઈન ટ્રેડિશનલ વિધિથી જ લગ્ન કર્યા છે, અને ટ્રેડિશનલ પહેરવેશ પહેરીને લાંબી લાંબી સેંથી પૂરે છે, અને પૂર્ણપણે આપણી વિધિ અનુસાર જ લગ્ન કરે છે, એ શું છે? આપણને આપણી સંસ્કૃતિ ગમે છે, અને આપણે તેને પૂર્ણ પણે અનુસરીએ છીએ! આપણાં ઘરની દીકરીઓની વાત કરીએ તો ગમે તેટલી મોર્ડન હોય એમણે પણ પોતાના લગ્ન આ રીતે જ કર્યા છે! કોઈએ મીની સ્કર્ટ પહેરીને કર્યા હોય, એવો કિસ્સો સાંભળવા મળ્યો નથી! મંદિરોમાં જવું કે ન જવું! એ દરેકનો સંસ્કારિતા મુજબનો પર્શનલ મુદ્દો છે. અમારા ઘરની વાત કરું તો વહુ દીકરીઓ મોર્ડન છતાં એટલાં જ ટ્રેડિશનલ પણ ખરાં! માત્ર પહેરવેશથી મોર્ડન નહીં પણ એટિટ્યુટ પણ મોર્ડન! રામાયણ ગીતાના પાઠ પણ નિત્ય ક્રમમાં. જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી, અને નવરાત્રી એ ગરબો લેવો, શક્રાદય, વિશ્વંભરી કે જય આદ્યા શક્તિ એ બધું, એની વિધિ વિધાન સાથે પૂજા કરવી. શ્રાવણે શિવ મહિમા ગાવો, બધું એટલે બધું જ ! દિવાળી એ દીવા મુકવા, રંગોળી કરવી, વ્હેલી પ્રભાતે લક્ષ્મી પૂજા, બધુજ જેમ મેં કર્યું! માટે કોઈનાં કહેવાથી આપણી પરવરીશ પર ડાઉટ ન કરવો.

ટૂંકમાં એમણે તો આપણને સમજાવ્યું કે આપણે ધર્મ નથી અનુસરતાં, પરંતુ એ લોકોએ ધર્મને અનુસરીને શું કર્યું? બાબરથી શરૂ કરી અકબર સુધી અને બીજા નવાબો એ નરસંહાર સિવાય બીજું કર્યું છે શું?: શું સમય પ્રમાણે બંદગી કરવી એ જ છે ધર્મની વ્યાખ્યા? અને એને જવાબમાં કહેવું જોઈએ કે અમારી ચિંતા છોડી તમારું સંભાળો! હિન્દુ સનાતન ધર્મ એટલે શું? એટલે કે જે શાશ્વત છે, અને છતાં નિત નૂતનધારા સાથે પ્રવર્તમાન પણ છે. એટલે કે સમયની સાથે તેને બદલાતાં આવડે છે! તે રૂઢિચુસ્ત નથી, પ્રવાહી અને પારદર્શક પરંપરા ધરાવે છે. હા આધુનિક પેઢી થોડી વધુ આધુનિક થઈ રહી છે, પરંતુ એની માટે આપણો ધર્મ જવાબદાર નથી, બીજા ઘણા બધા પરિબળો કામ કરે છે. દરેક ભારતીયને બધા જ દૈવીય ચરિત્રો પર ખૂબ ગર્વ છે, અને કાયમ રહેશે!: તદ ઉપરાંત ગુરુનો પણ આપણે ત્યાં વિશેષ મહિમા છે. હા સમયની સાથે સાથે સંવેદના ઓછી થતી જોવા મળે છે, એ ચિંતનીય છે.

આમ તો તમારો ધર્મ, અને મારો ધર્મ એવું કહેવું, એ મને ગમે નહીં! કારણકે ધર્મ માટે મારાં મનમાં એક અલગ કોન્સેપ્ટ છે. ધર્મની વાત કરીએ તો જે કટ્ટરતા શીખવે એ ધર્મ નથી! એ લોકોની જેમ આપણે ત્યાં પણ ત્રિકાળ સંધ્યાની પરંપરા હતી, જે આપણે ચૂક્યા છીએ. પણ છતાં સરહદો પરના હુમલામાં જોઈએ તો એ લોકો ધર્મને નામે અરાજકતા જ ફેલાવે છે. સાચે શું હશે એ ખબર નથી, પણ ફિલ્મોમાં જે ખૂનસ્તા બતાવાય છે, જે રીતે સ્ત્રીઓ પર અત્યાચાર થાય છે, એ બધું એટલી હદે હિન્દુ પ્રજામાં થતું નથી!: કારણ કે આપણે ત્યાં માતૃ દેવો ભવઃ એ સંસ્કૃતિનો મુખ્ય આધાર છે. એ ધર્મમાં સ્ત્રીઓ માટે ધર્મથી વધુ કંઈ નથી, અને એ જ રીતે એ જીવતાં હોવા છતાં, એમનાં સંતાનો આવા કામ કરે છે! લવ જેહાદને નામે કેટલીય યુવતીઓનાં જીવન બરબાદ કરે છે. ઘણીવાર તો આપણને આશ્ચર્ય થાય કે આવું પણ કોઈ કરી શકે! એને શું કહીશું? ધર્મ કે અધર્મ! માટે આવી પોસ્ટને પ્રોત્સાહન આપીને આપણાં ધર્મને આપણે જ શંકાની નજરે જોવો નહીં. તેમજ આજની પેઢી જે પહેરવેશમાં મંદિરે જાય તેમ જવા દેવી.

પણ ખતરો છે ખરો!: અમુક પ્રજા પોતાનો પરિવાર વધારી જ રહી છે, અને આપણે....? એટલે આગળ જઈને બહુમતી થઈ શકે!વિચારો.. ત્યારે આપણને ફરજિયાત ધર્મ પરિવર્તન કરાવશે તો ? માટે આપણાં ધર્મને બચાવવા માટે નહીં, તો એ ધર્મમાં જવું ન પડે, એ માટે પણ પરિવારનું વિસ્તરણ કરવું જરૂરી છે. ખેર એ પણ છોડો. આજની યુવા પેઢી જે ન જોવું જોઈએ એવું જોઈને વધુ પડતી આધુનિક થઈ રહી છે, અથવા બગડતી જાય છે એ વાત સાચી છે. મનોરંજનને નામે આપણે જે સાધન અપનાવ્યું છે, ત્યાં પ્રતિબંધની જરૂર છે. એટલે કે ટીવી સીરીયલો, ફિલ્મો અને હવે તો સતત બીભત્સ રસ પીરસતું ઓટીટી પ્લેટફોર્મ!; એવી એવી સીરીઝ બને છે! કોઈ રોકટોક નહીં, કપડા બદલતાં હોઈએ એ રીતે સ્ત્રી પુરુષો પોતાના પાર્ટનર બદલે છે!; અને જે શારીરિક સંબંધ યુવક યુવતીઓ માટે લગ્ન પહેલા પાપ ગણાતો, એ સંબંધનો હવે કોઈ છોછ ન હોય એમ! અને એ પણ છડે ચોક! કોઈ લાજ શરમ વગર! સતત હાથમાં દારૂનો ગ્લાસ, સિગરેટ કે પછી ડ્રગ્સ! મોઢામાં ગાળ, આવું બધું સતત જોઈને ! એનો અનુભવ કરવાની આધુનિક પેઢીને જાણે પ્રેરણા મળતી હોય એવું થઈ રહ્યું છે. પોતાનું કામ કઢાવવા માટે સ્ત્રીઓ પાસે જાણે આ એક માર્ગ હોય, એ રીતે એ પણ પોતાના શરીરનો ઉપયોગ કરતાં અચકાતી નથી!: કાવાદાવા વાળી સિરિયલો, સિરીઝ, કે ફિલ્મો જોઈને આજની પેઢી બગડી રહી છે, એ સૌથી મોટો ખતરો છે!: સમાજને કોઈ સારો મેસેજ મળી રહે, એ માટે મનોરંજનના સાધન તરીકે અપનાવ્યું હતું, પણ શું એ ખરેખર સારો મેસેજ આપે છે કે નહીં? એ તો સત્તાવાળાએ જોવું જોઈએ ને?: એટલે ઘરમાંથી તો યુવક યુવતીઓ ધર્મ શીખે જ છે, પણ બહાર આ બંધો જે કચરો છે! એનું શું? સંસ્કાર સિવાય આપણા સંતાનોને કોઈ બચાવી નહીં શકે! એટલે આપણી આજની પેઢી મંદિરે જાય તો બહુ સારી જ વાત છે, પણ ન જાય તો પણ એના મનમાં આવો કચરો જાય નહીં એ ધ્યાન રાખવું. આવી પોસ્ટને ઈગ્નોર કરી, બને એટલું સંતાન પર વિરોધ કર્યા વગર ફોકસ કરવું, અને માનવતાનાં કર્મોમાં આપણી સાથે રાખવા. બાપુ કહે છે એમ પંચદેવની પૂજાનો સુક્ષ્મ અર્થ યુવાનોને સમજાવવો. આપણી સંસ્કૃતિમાં દાન એક મહત્વનું અંગ છે, કે જેનાથી માનવતા આજીવન વ્રત બની રહે, અને દરેક કુટુંબમાં એ નિયમ જ પરંપરા બને! કારણકે અંતે તો માનવતા એ જ ધર્મ છે. જય હિન્દ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ભણતર પુરૂ કર્યા પછી નોકરી શોધવા મથી રહેલા અનેક યુવક-યુવતિઓ બને છે ફ્રોડનો શિકાર

# STમાં ક્લાર્કની નોકરીના નામે યુવાનને લગાવાયો ચુનો

## અપોઈન્ટમેન્ટ લેટર મળતાં યુવાન રાજી રાજી થઇ ગયોઃ પણ નોકરીના સ્થળે પહોંચતા ખબર પડી કે આપણે તો છેતરાઇ ગયા

રાજકોટ તા. ૨૪

નોકરીના નામે, શેર બજારમાં કમાણીના નામે લોકોને લલચાવી છેતરપીંડી કરવાની અનેક ઘટનાઓ સામે આવતી રહે છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં એસટીમાં ક્લાર્કની નોકરીના નામે ઠગાઇ થઇ છે. ઠગાઇની રકમ નાની છે પણ આ પ્રકારની ઠગાઇ અવાર-નવાર થતી હોઇ લોકો ચેતી જાય તે જરૂરી છે. જ્યારે અન્ય એક ફ્રોડની ઘટનામાં નર્સને દાર્જીલિંગ ટૂર પેકેજના નામે ગઠીયાએ પોણા બે લાખનો ચૂનો લગાવી દીધો હતો.

પ્રથમ બનાવની વિગતો પર નજર કરીએ તો અમદાવાદના ખોખરામાં રહેતા યુવકને એસ ટી નિગમમાં સીનીયર કર્લાકની નોકરી અપાવવા માટે રૂ. ૯૭ હજાર લઈને એસ ટી નિગમનો નકલી એપાઈન્ટમેન્ટ લેટર આપીને છેતરપીંડી આચરવા બદલ બે વ્યકિતઓ વિરૂધ્ધ વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ અંગેની વિગત એવી છે કે, ખોખરામાં રહેતા ગૌરાંગભાઈ ગજજર જીઆઈડીસીમાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમની ઓફિસમાં આશિષ ક્રિ?ીયન નામનો માણસ કોમ્પ્યુટર રીપેરીંગ કરવા માટે આવતો હતો જેની સાથે ઓળખાણ થઈ હતી. આશિષે કહ્યુ હતુ કે મારો મિત્ર નિલેશ મકવાણા બોરસદમાં રહે છે અને તેને ગુજરાત એસ ટી વિભાગમાં ખૂબ ઓળખાણ છે.

તેમજ તે પૈસા લઈને બધાને સરકારી નોકરી અપાવે છે. આથી આશિષની વાતોમાં આવીને ગૌરાંગભાઈએ પોતાના માટે નોકરીની વાત કરતા આશિષે નિલેશને જાણ કરતા હાલમાં એસ ટી વિભાગમાં સિનીયર કર્લાકની જગ્યા ખાલી પડી હોવાનુ કહીને ડોક્યુમેન્ટ મંગાવ્યા હતા. ગૌરાંગભાઈએ આશિષને પોતાના




**અન્ય ઘટનામાં દાર્જીલિંગના પેકેજ ટૂરના નામે નર્સ સાથે થઇ ગઇ ઠગાઇ**

ડોક્યુમેન્ટ આપ્યા હતા, બાદમાં નિલેશે નોકરી મેળવવા માટે રૂ. ૭૦ હજાર આપવા પડશે તેમ કહેતા ગૌરાંગભાઈએ નિલેશની દિકરીના એકાઉન્ટમાં ટુકડે ટુકડે કુલ રૂ. ઓનલાઈન ૯૬,૨૦૦ આપ્યા હતા.

તેમજ બે વાર ડોક્યુમેન્ટ વેરીફિકેશનના રૂપિયા પણ આપ્યા હતા. નિલેશે ગૌરાંગભાઈને એપોઈન્ટમેન્ટ લેટર ઈમેઈલથી મોકલી આપ્યો હતો. જેમાં એસ ટી વિભાગનો લોગો નહોઈ શંકા જતા એસ ટી વિભાગમાં તપાસ કરતા ત્યાં સિનિયર કર્લાકની કોઈ જગ્યા નહોવાનુ તેમજ લેટર પણ નકલી હોવાનું જાણવા મળ્યુ હતુ. આ અંગે નિલેશ પાસે પૈસા પરત માંગતા તેણે વાયદા કર્યા હતા પરંતુ પૈસા નહી આપતા તેની વિરુદ્ધ ખોખરા પોલીસ સ્ટેશનમાં અરજી આપતા તેણે રૂ. ૭૧, ૫૦૦ નો ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાં ભરતા બાઉન્સ થયો હતો. અંતે ગૌરાંગભાઈએ વટવા પોલીસ સ્ટેશનમાં નિલેશ મકવાણા અને આશિષ કિશ્ચીયન સામે છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે.

ઠગાઇના બીજા એક બનાવમાં સુરત ગોડાદરા રહેતા દિપ્તી પટેલ સ્મીમેરમાં નર્સ છે. તેમણે પુત્રી અને માતા સાથે દાર્જિલિંગ ફરવા જવા ગાંધીનગરની થેરી ફોર વાઇલ્ડ ટ્રાવેલ્સનો વેબસાઇટ પરથી નંબર મેળવીને સંચાલક ગાંધીનગરના હુસેન પટેલ સાથે વાત કરતી હતી. હુસેને આઠ દિવસ માટે ૨.૧૪ લાખનું પેકેજ આપ્યું હતું, જેથી દિપ્તીએ પૈસા ટ્રાન્સફર કર્યા હતા. ૮ મેના રોજ હુસેને ઇન્ડિગોની ટિકિટ મોકલી જે ઓનલાઇન ચેક કરતાં બોગસ નીકળી હતી. દરમિયાન રજા રદ થતાં દિપ્તીએ ટૂર કેન્સલ કરતાં હુસેને ૫૦ હજાર પરત કર્યા હતા, બાકીના ૧.૬૪ લાખ પરત ન કરતાં દિપ્તીએ ગોડાદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# મનપાની માઠી : વિવિધ વર્ગની ૧૦૧૮ જગ્યા ખાલી

### ઇન્ચાર્જ અધિકારીઓ પર વધ્યું કામનું ભારણ, મૂકી રહ્યા છે સ્વેચ્છિક રાજીનામા : ચાલુ વર્ષે 300 થી વધુ જગ્યા ભરવા મનપાનું આહવાન

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીમાં હાલ ઉતરોતર વધારો થઈ રહ્યો છે જેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે હાલ રાજકોટનો વિસ્તાર જે ગતિથી વધી રહ્યો છે તેની સામે અધિકારીઓ અને કર્મચારીઓ પર કામનું ધારણ પણ વધી ગયું છે એટલું જ નહીં મહાનગરપાલિકાના ઘણા ખરા વિભાગો તો ઇન્ચાર્જ મારફતે જ ચાલે છે. મળતી માહિતી મુજબ છેલ્લા છ વર્ષથી મહાનગરપાલિકામાં વર્ગ એક થી લઇ વર્ગ ચાર સુધીમાં જે નિયમ મુજબની ભરતી કરવામાં આવી જોઈ તે પણ થઈ નથી અને પરિણામ સ્વરૂપે ૧૦૧૮ જગ્યાઓ હાલ ખાલી છે અને પરિણામ સ્વરૂપે જે કામગીરીમાં ઝડપ આવી જોઈએ તે પણ આવતી નથી.

એટલું જ નહીં વિભાગના ટોચના અધિકારીઓની પણ ઘણી ખરી જગ્યાઓ ખાલી પડેલી છે અને પરિણામ સ્વરૂપે હાલ ઇન્ચાર્જ દ્વારા જે તે વિભાગનું સંચાલન કરવામાં આવી રહ્યું છે મળતી માહિતી મુજબ અને જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ કામનું ભારણ અસહ્ય વધી જાતા અધિકારીઓ સ્વેચ્છિક રાજીનામાં મૂકી રહ્યા છે પરંતુ છતાં પણ સરકાર દ્વારા ભરતી માટેની એક પણ જાહેરાત કરવામાં આવતી નથી તે હાલ વિચારવાનો મુદ્દો છે.

મહાનગરપાલિકાના અલગ અલગ વિભાગોમાં સ્ટાફની ખોટ છેલ્લા છ વર્ષથી વરતાઈ રહી છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્ટાફની ભરતી મુદ્દે અનેક વખત સરકારમાં રજૂઆત કરવામાં આવી છે. છતાં કોન્ટ્રાક બેઝના માણસો દ્વારા ગાડુ ગબડાવવામાં આવી રહ્યું છે. પરંતુ કાયમી સ્ટાફ સિલેક્શન ભરતી કરવામાં આવી નથી. અલગ અલગ વિભાગમાં છેલ્લા છ વર્ષ દરમિયાન મંજુર કરવામાં આવેલ જગ્યાઓ મુજબ વર્ગ-૧માં ૩૭,, વર્ગર માં ૧૪૯, વર્ગ-૩માં ૨૭૯૮ સહિત કુલ ૨૯૮૪ જગ્યાઓ મંજુર કરવામાં આવી છે. જેની સામે મહાનગરપાલિકાએ વર્ગ-૧માં ૮ જગ્યા, વર્ગ-૨માં ૧૨૪ જગ્યા, વર્ગ-૩માં ૧૮૩૪ જગ્યા સહિત ૧૯૬૬ નવી ભરતી કરવામાં આવેલ છે. છતાં વર્ગ-૧માં ૨૯, વર્ગ-૨માં ૨૫, વર્ગ-૩માં ૯૬૪ સહિત ૧૦૧૮ જગ્યાઓ આજે પણ ખાલી હોવાથી આ જગ્યા ભરવા માટે હવે આયોજન કરવામાં આવ્યું હોય તેમ જાણવા મળેલ છે.



મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે ચાલુ વર્ષમાં ૩૦૦ થી વધુ જગ્યાઓ ભરવામાં આવશે. એટલું નહીં અલગ અલગ વિભાગમાં વર્ગ-૧થી વર્ગ-૩ સુધીના ૧૦૧૮ જગ્યાઓ આજે પણ ખાલી હોય રજૂઆતના પગલે મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫ દરમિયાન ભરતી કરવામાં આવશે. જે મુજબ વર્ગ-૧માં ૨૧, વર્ગ-૨માં ૯, વર્ગ-૩માં ૨૬૭ અને વર્ગ-૪માં ૧૨ જગ્યા સહિત ૩૦૯ જગ્યાઓ તાત્કાલીક અસરથી ભરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાની વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓના વહીવટી કેડરના રિફટમેન્ટ રૂલ્સ અદ્યતન કરવામાં આવેલ છે અને ટેક્નિકલ કેડરના અદ્યતન કરવાની કાર્યવાહી ચાલુ છે. જેમાં વર્ગ-૧ની વહીવટી જગ્યાઓની મંજુરી સરકાર પાસે માંગવામાં આવી છે. જે મળ્યે વર્ગ-૧ અને વર્ગ-૨ની મહતમ જગ્યાઓ ભરવામાં આવશે. છતાં આસિ. કમિશનર , ચીફ ફાયર ઓફિસર, સીટી ઈજનેર સ્પેશિયલ, ડાયરેક્ટર આઈટી, ડાયરેક્ટર પાર્ક એન્ડ ગાર્ડન, નાયબ કમિશનર અને ઓફિસ સુપ્રીટેન્ડન્ટ સ્ટોર સહિતની અનેક જગ્યાઓ હાલ ઈન્ચાર્જથી ચલાવવામાં આવી રહી છે. જેના લીધે એક અધિકારી પાસે વધુ વિભાગનો હવાલો હોવાથી કામ કરવામાં મુશ્કેલી સર્જાઈ રહી છે. તેવી જ રીતે વધુ વિભાગનું ઈન્સ્પેક્શન કરી શકાતુ ન હોય અનેક કામો ધીમી ગતિએ ચાલતા હોવાનું તેમજ અમુક વિભાગોમાં અરજદારોની પણ મુશ્કેલી પડતી હોવાનું જાણવા મળેલ છે.

# હીરા ઉદ્યોગોને બેઠો કરવા સરકાર મક્કમ

### હીરા ઉદ્યોગના એકમોને ટર્મ લોનની મહત્તમ રૂ. ૫ લાખની મૂડી ઉપર ૯ ટકાના દરે ત્રણ વર્ષ સુધી વ્યાજ સહાય તેમજ ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં પણ એક વર્ષ માટે મુક્તિ આપવા નિર્ણય

રાજકોટ, તા. ૨૪

સુરતનો હીરા ઉદ્યોગ હાલ મરણ પથારીએ કર્યો છે ત્યારે અહીં કામ કરતા રત્ન કલાકારો નો આર્થિક સહારો છીનવાઈ ગયો છે ત્યારે રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારના હકારાત્મક વલણ અને અભિગમના કારણે રત્ન કલાકારોને આર્થિક સહાય આપવા માટેની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી છે જે અત્યંત આવકાર્ય છે. સમગ્ર વિશ્વમાં સુરતનો હીરા ઉદ્યોગ એક અલગ જ છબી ધરાવે છે પરંતુ સ્થાનિક પ્રશ્નોના કારણે હાલ આ ઉદ્યોગ અત્યંત મંદ પડી ગયો છે ત્યારે હીરા ઉદ્યોગને સ્થિરતા આપવા રાજ્ય સરકાર દ્વારા એક માનવતાલક્ષી નિર્ણય લેવામાં આવ્યો અને રત્ન કલાકારો માટે ખાસ પેકેજ ડી પણ જાહેરાત કરવામાં આવી.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ હીરા ઉદ્યોગમાં પ્રવર્તતી વિષમ પરિસ્થિતિને કારણે અસરગ્રસ્ત રત્ન કલાકારો અને સૂક્ષ્મ એકમોને રાહત આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે વિશેષ સહાય પેકેજ જાહેર કર્યું છે. આ પેકેજની જાહેરાત કરતા ઉદ્યોગ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, આ સહાય પેકેજ રાજ્યના હીરા ઉદ્યોગના કલાકારો અને એકમોને આર્થિક રાહત પૂરી પાડવા અને ઉદ્યોગની સ્થિરતા જાળવવા માટે મહત્વનું પગલું છે.

મંત્રીએ ઉમેર્યુ કે, આ સહાય પેકેજ અંતર્ગત અસરગ્રસ્ત રત્ન કલાકારોના બાળકોને અભ્યાસમાં કોઇ પણ પ્રકારની અગવડ ન પડે અને તેમના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે ખાસ શાળા ફી સહાય આપવા નિર્ણય લેવાયો છે. જેમાં બાળકોની શાળાની ફીના ૧૦૦% લેખે, બાળક દીઠ મહત્તમ રૂ. ૧૩,૫૦૦ની મર્યાદામાં એક વર્ષ માટે ફી ચૂકવણી કરવામાં આવશે. જે સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા શાળાઓને શિક્ષણ વિભાગની પદ્ધતિ મુજબ ચૂકવાશે.

સહાય માટે પાત્રતાના ધોરણો નિયત કરવામાં આવ્યા છે, જે અંતર્ગત તા. ૩૧મી માર્ચ-૨૦૨૪ બાદ રોજગાર ગુમાવનાર રત્ન કલાકારને સહાય મળવા પાત્ર રહેશે. તે ઉપરાંત રત્ન કલાકારની ઉંમર ૨૧ વર્ષથી વધુ, ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી હીરા ઉદ્યોગના



કારખાનામાં કામગીરી કરેલી હોય તેમજ હાલમાં હીરા ઉદ્યોગમાં રોજગારીથી વંચિત હશે તેને સહાય મળવાપાત્ર રહેશે. તે માટે આ પેકેજની જાહેરાતથી ૨ માસની અંદર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે અરજી કરવાની રહેશે. જેમાં જિલ્લા શ્રમ અધિકારી/રોજગાર અધિકારીનું પ્રમાણપત્ર અથવા ડાયમંડ એસોસિએશનનો ભલામણપત્ર તેમજ બાળકોની શાળાની ફી અંગેનું શાળાનું પ્રમાણપત્ર આધાર-પૂરાવા તરીકે જોડવાનું રહેશે.

હિરાના એકમોની સ્થિરતા માટે ખાસ સહાય નિયત કરવામાં આવી છે. જેમાં એકમોને ટર્મ લોનની મહત્તમ રૂ. ૫ લાખની મૂડી ઉપર ૯ ટકાના દરે ત્રણ વર્ષ સુધી વ્યાજ સહાય આપવામાં આવશે. એટલુ જ નહિ, તેમને ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં પણ એક વર્ષ માટે મુક્તિ આપવા નિર્ણય લેવામાં આવ્યો છે. આ સહાય મેળવવા ઇચ્છુક એકમોએ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી એક માસમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે ઉદ્યમ રજિસ્ટ્રેશન, લોન મંજૂરી પત્ર, જીએસટી રજિસ્ટ્રેશન, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના ટર્નઓવર અને વીજ વપરાશના આધાર-પૂરાવા સાથે અરજી કરવાની રહેશે.

સહાય માટે આવેલી અરજીઓની મંજૂરી માટે સમિતિનું ગઠન થશે. જેમાં જિલ્લા કક્ષાની મંજૂરી સમિતિમાં અધ્યક્ષ તરીકે કલેક્ટરશ્રી તેમજ સભ્યો તરીકે જિલ્લા શ્રમ અધિકારી, જિલ્લા રોજગાર અધિકારી, જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, લીડ બેંકના ઓફિસર તેમજ ડાયમંડ એસોસિએશનના પ્રતિનિધિ સામેલ હશે, જ્યારે સભ્ય સચિવ તરીકે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર હશે. આ સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી બે વખત યોજાશે.

### એક તરફ ઓનલાઇન જૂગારનું દુષણઃ બીજી તરફ ઓનલાઇન ગઠીયાઓનો ત્રાસ

# ઓનલાઇન જૂગારમાં નાણા ગુમાવતાં યુવાને જિંદગીથી છેડો ફાડ્યો

## એક્યાસી વર્ષના વૃધ્ધને તમે મની લોન્ડરીંગમાં સામેલ છો, કેસ થશે કહી ડિજીટલ એરેસ્ટ કરી ગઠીયાઓએ સોળ લાખ ઉસેડી લીધા

રાજકોટ તા. ૨૪

ઓનલાઇન ગેમ્બલીંગની લત્ત વધુ એક પરિવારના યુવાનને ભરખી ગઇ છે. ઓનલાઇન જૂગારમાં સાંઇઠ હજાર જેવી રકમ હારી જતાં છવ્વી સવર્ષના યુવાને ઝેરી દવા પી જિંદગીથી છેડો ફાડી લીધો હતો. બીજી એક ઘટનામાં ડિજીટલ એરેસ્ટનો વધુ એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં પોલીસના નામે કોલ કરીને માફિયાઓએ વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા અતે તેમની પાસેથી સોળ લાખ રૂપિયા ગઠીયાઓએ પડાવી લીધા હતાં. તેમને મની લોન્ડરીંગના કેસમાં ફસાવી દેવાની ધમકી દઇ નાણા પડાવાયા હતાં.

આત્મહત્યાની વિગતો પર નજર કરીએ તો સુરત કીમ નજીક આવેલા ભાદોલ ગામમાં ઓનલાઈન જુગારની લત એક યુવકનો ભોગ લઇ ગઇ છે. દિક્ષિતકુમાર શંકરભાઈ પટેલ નામના છવ્વીસ વર્ષના યુવકે ઝેરી દવા પીને આત્મહત્યા કરી લીધી છે. નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા દિક્ષિતકુમાર છેલ્લા કેટલાક મહિનાઓથી સોશિયલ મીડિયા પર ઓનલાઈન જુગારની લોભામણી સ્કીમોના સંપર્કમાં આવ્યા હતા. ઝડપથી પૈસા કમાવવાની લાલચમાં તેમણે ધીમે ધીમે પચાસથી સાંઇઠ હજાર રૂપિયા જુગારમાં ગુમાવી દીધા હતા. મોટી રકમ ગુમાવ્યા બાદ દિક્ષિતકુમાર ડિપ્રેશનમાં આવી ગયા હતા. આ માનસિક તણાવને કારણે તેમણે ભાદોલ ગામની સીમમાં કીમ ખાડી નજીક ખેતરના શેઢા પાસે જઈને ઝેરી દવા પી લીધી હતી.

ઘટનાની જાણ થતાં કીમ પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટના સોશિયલ મીડિયા પર વધી રહેલા ઓનલાઈન જુગારના જોખમને ઉજાગર કરે છે, જેમાં લોકો ઓછા સમયમાં વધુ કમાણીની લાલચમાં હજારો રૂપિયા ગુમાવી રહ્યા છે. થોડા દિવસ પહેલા પણ



આવો જ એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં તો યુવાન જર્મની જવા માટે એકઠી કરેલી લાખોની રકમ પણ હારી ગયો હતો અને અંતે સ્યુસાઇડ નોટ લખી આપઘાત કર્યો હતો. આ દૂષણથી યુવાધન દૂર રહે તે જરૂરી છે.

બીજી તરફ ડિજીટલ એરેસ્ટ કરી છેતરપીંડી આચરવાના કિસ્સામાં વધુ એક ઉમેરો થયો છે. સુરતમાં ઘોડદોડમાં રહેતા એકસ્યાસી વર્ષના વૃદ્ધને દિલ્હી પોલીસના નામે કોલ કરી મની લોન્ડરિંગ કેસમાં બે આરોપી પૈકી તમારું નામ ખૂલ્યું છે કહીને સાઇબર માફિયાઓએ ડિજિટલ એરેસ્ટ કરી ફિક્સ ડિપોઝિટના ૧૬ લાખ પડાવી લેવાયા હતા. સિદ્ધકૃતિ એપાર્ટમેન્ટમાં રહેતા મદનલાલ જૈન કે જેઓ એકયાસી વર્ષના છે અને નિવૃત છે. તેમના પર કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતે દિલ્હી પોલીસના સબ ઇન્સ્પેક્ટર રવિ કુમાર હોવાનું કહી તમારું નામ મની લોન્ડરિંગના કેસમાં ખુલ્યું છે. ૨૩૫ બેંકખાતાં હેક કરીને ૩૦૦ કરોડોનું મની લોન્ડરિંગ કર્યું છે, તેમાંથી ૨.૫૦ કરોડ તમારા ખાતામાં આવ્યા છે.

જો આમાંથી બચવું હોય તો તમારી પાસે જેટલી પણ રકમ છે તે તપાસ માટે અમને ટ્રાન્સફર કરવી પડશે. તપાસ બાદ તમે ક્યાંય સામેલ નહિ જણાઓ તો તમને આ રકમ પાછી આપવામાં આવશે તેમ કહી તેમમને ડિજીટલ એરેસ્ટ વોરન્ટ પણ વ્હોટ્સએપમાં મોકલી દેવાયુ હતું. આથી ડરી ગયેલા મદનલાલે ૧૭ લાખની એફડીમાંથી ૧૬.૬૫ લાખ ટ્રાન્સફર કરી આપ્યા હતા, જેની રસિદ પણ વોટ્સઅપ પર મોકલી હતી. ઠગનો વીડિયો કોલ ચાલતો હતો ત્યારે જ મદનલાલની દીકરી આવી ગઇ હતી. દીકરીએ પૂછતાં મદનલાલે હકીકત જણાવી હતી. ત્યારે દિકરીએ આ ફ્રોડ હોવાનું જણાવતાં મદનલાલ ચોંકી ગયા હતાં અને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

રાજ્યભરમાં નાના મોટા કારણોસર હત્યાની વધી રહેલી ઘટનાઓઃ વધુ બે બનાવ

# સગીરે લવલફરાને કારણે મિત્રને છરી ભોંકી પતાવ્યો

## પોતાની બહેન સાથે મિત્રને સંબંધ હોઈ તે અંગે ચેતવ્યો છતાં ફોનમાં વાતો કરતો હતોઃ જે દિવસે યુવાન લગ્ન માટે કન્યા જોઈને આવ્યો તે દિવસે જ ઢાળી દીધો

રાજકોટ તા. ૨૪

રાજ્યભરમાં હત્યાની ઘટનાઓ વધી ગઇ છે. રાજકોટમાં જ છેલ્લા છ દિવસમાં ત્રણ હત્યા થઇ ગઇ છે. દરમિયાન એક યુવાન લગ્ન માટે કન્યા જોઇને આવ્યો એ રાતે જ તેના સગીર મિત્રએ વાત કરવાના બહાને બોલાવી છરીના ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. બીજા બનાવમાં જમીનના ડખ્ખામાં ખેડૂતને તેના ભાભી અને ભત્રીજાએ લાકડી કુહાડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યાનો ભોગ બનનારને સગીર મિત્રની બહેન સાથે વાતચીતના વ્યવહાર, પ્રેમસંબંધ હતો. સગીરે આ મામલે તેને ચેતવ્યો હતો. છતાં તે ફોનમાં વાત કરતો હોઇ સગીરે હત્યા કરી નાખ્યાની વિગતો ખુલી હતી.

હત્યાની પ્રથમ ઘટના જોઇએ તો તેમાં સગીરે પોતાના જ મિત્રનો જીવ લઇ લીધો હતો. સાંણંદના ઝોલાપુર ગામમાં ઝાંપા પાસે પાર્લર ચલાવતાં ઓગણીસ વર્ષીય યુવકની રાત્રે છાતીમાં છરીના ઘા ઝીંકી હત્યા કરાઇ છે. આ હત્યા તેના સગીર મિત્રે જ કરી હતી. યુવક સવારે લગ્ન માટે છોકરી જોવા ગયો હતો. જે બાદ રાત્રે પાર્લર બંધ કરવાના સમયે તેના મિત્રે બહાર બોલાવી ઝઘડો કર્યો હતો. યુવકના પરિવારજનો બહાર આવતાં સગીર મિત્ર છાતીમાં છરીના ઘા ઝીંકી ફરાર થઇ ગયો હતો. આ અંગે જીઆઇડીસી પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે. તાલુકાનાં ઝોલાપુરા ગામે પરિવાર સાથે રહેતા બળદેવભાઇ કરશનભાઇ કોળી પટેલ અને તેઓનો પુત્ર ભરત કે જે ઓગણીસ વર્ષનો હતો તે ગામના ઝાંપામાં હીગંળાજ પાન પાર્લર નામનું પાન મસાલા ઠંડા પીણાનુ પાર્લર ચલાવતો હતો.

રાત્રે ભરત કોળી પટેલ પાર્લરમાં ફ્રીઝની અંદર ઠંડા પીણાની વસ્તુ ગોઠવતો હતો, ત્યારે ભરતને તેના સગીર મિત્રએ પાર્લર બહાર બોલાવી કોઇ અગમ્ય કારણોસર મનદુખ રાખી ભરત સાથે ઝઘડો કરતા બૂમાબૂમ થતાં ભરતના પરિવારજનો વચ્ચે છોડાવવા પડતાં સગીરે છાતીના ભાગે ભરતને છરીનો ઘા મારતા ભરતને ગંભીર ઇજા થઈ હતી. સગીર ફરાર થયો હતો.



હત્યાની બીજી ઘટનામાં જમીનના ડખ્ખામાં ખેડૂતને ભાભી અને ભત્રીજાએ રહેંસી નાંખ્યા

બીજી તરફ ભરતનું મોત થયું હતું. હત્યા થઇ એ દિવસે સવારે જ ભરત લગ્ન માટે કન્યા જોઇ આવ્યો હતો. પરિવારજનો તેના લગ્નની તૈયારીમાં હતાં ત્યારે જ તેની હત્યા થઇ ગઇ હતી.

સાણંદ જીઆઈડીસી પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપી કિશોરની ધરપકડ કરી લીધી છે. પૂછપરછમાં સગીરે કબૂલ્યું કે ભરત તેની બહેન સાથે પ્રેમ સંબંધ રાખતો હતો, જે તેને મંજૂર ન હતું. કિશોર કાયદાના સંઘર્ષમાં આવતો હોવાથી પોલીસ કાયદાકીય પ્રક્રિયા મુજબ કાર્યવાહી કરી હતી.

હત્યાની બીજી ઘટના ઉમરપાડાનાં હરીપુરા ગામે જમીન વિવાદમાં બની હતી. ભાભી અને ભત્રીજાઓએ લાકડી અને કુહાડી વડે કાકાને માર મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા.ઉમરપાડાના હરિપુરા ગામે રહેતા ખેડૂત ગુલાબસીંગ ધનજીભાઈ વસાવા નામના પચાસ વર્ષના ખેડુત પોતાના હરીપુરા ગામની સીમમાં શ્રાવણભાઇ કોતીયાભાઇ વસાવાની સર્વે નં.૨૨ વાળા ખેતરમાં હાજર હતા. જે દરમ્યાન જેમનાં ભત્રીજા જીજ્ઞેશ અને દયારામ સાથે ગુલાબસીંગની ભાભી કાંતાબેન ઉપરોક્ત જગ્યાએ આવી જમીનમાં હિસ્સો લેવા બાબતે ગુલાબસીંગભાઇ સાથે બોલાચાલી કરી હતી. જોકે ઉપરોક્ત બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધુ હોય તેમ સુચીત ત્રણેય લોકો ભેગા થઇ કુહાડી અને લાકડી વડે ખેડૂત ગુલાબસીંગને માર મારી લોહીલુહાણ કરી નાંખ્યા હતા. પરંતુ જેમનાં પાડોશી ખેડૂત ત્યાં આવી પહોંચતા ત્રણેય જણાઓ ત્યાંથી ફરાર થઇ ગયા હતા.

ત્યાર બાદ ગુલાબસીંગભાઈને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવતા જ્યાં ફરજ પરનાં ડોક્ટરોએ ખેડૂત ગુલાબસીંગભાઇને મૃત ઘોષીત કર્યા હતા. આમ જમીન બાબતે ભાભી અને બે ભત્રીજાઓએ ભેગા મળી કાકા ગુલાબસીંગભાઇનું ઢિમ ઢાળી દેવાનાં મામલે પાડોશી ખેડૂત શિવરાજભાઈ વસાવા દ્વારા ઉમરપાડા પોલીસ મથકે ફરીયાદ કરવામાં આવી હતી. આમ વધુ બે હત્યા પોલીસ ચોપડે ચડી ગઇ હતી.

---

આજીડેમ પોલીસે બાતમીના આધારે પાડયા દરોડા : ૬૮૬૦નો મુદ્દામાલ જપ્ત

# કોઠારીયા સોલવન્ટમાં જુગાર રમતી ત્રણ મહિલા સહિત છ ઝડપાયા



રાજકોટ, તા. ૨૪

શહેરમાં હાલ ગુન્હાખોરીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે એટલું જ નહીં વિવિધ પ્રકારના ગુનાઓ હાલ લોકો આચરી રહ્યા છે પરંતુ આ તમામ ગુન્હાઓ પર પૂર્ણવિરામ મૂકવા માટે પોલીસ દ્વારા પણ સઘન કાર્યવાહી કરવામાં આવતી હોવાનું હાલ જાણવા મળ્યું છે. પોલીસના ટોચના અધિકારીઓ દ્વારા તમામ પોલીસ સ્ટાફને એ વાત તે પણ અવગત કરાવ્યા છે કે હાલ ચોરી કે પછી અન્ય કોઈ ગુન્હા સંબંધી ફરિયાદો પેન્ડિંગ હોય તો તેનો ઝડપી નિકાલ કરવામાં આવે એટલું જ નહીં હાલ જુગારની ફરિયાદો પણ વ્યાપક પ્રમાણમાં ઉઠી રહી છે અને શહેરના વિવિધ વિસ્તારોમાં જુગાર રમતા લોકો પણ ઝડપાઈ રહ્યા છે ત્યારે આ અંગે પોલીસ દ્વારા નકર પગલાં લેવામાં આવે તે પણ એટલા જ જરૂરી અને આવશ્યક છે. ગઈકાલે શહેરના ગોંડલ રોડ પર આવેલા કોઠારીયા સોલવન્ટ માં પોલીસ દ્વારા ચોક્કસ બાતમીના આધારે નરોડા પાડવામાં આવ્યા હતા જેમાં જુગાર રમતી ત્રણ મહિલાઓ સહિત છ શખ્સોને ૬,૮૬૦ ના મુદ્દામાલ સાથે ઝડપી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલ આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યારે તેને ડામવા માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી પણ એટલી જ જરૂરી અને આવશ્યક છે.

જાણવા મળતી વિગત મુજબ, આજી ડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પીયુષ ચિરોડીયા, સંજય બારોટ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન કોઠારીયા સોલવન્ટ નારાયણનગરમાં જાહેરમાં ચાલતા જુગારધામ ઉપર પોલીસે દરોડો પાડી પત્તા ટીચતાં ગીતાબેન પ્રવિણભાઈ સોલંકી, જયોતીબેન દિલીપભાઈ ભટ્ટ, ભાવનાબેન ભીમજીભાઈ ચૌહાણ, જાદવ પોચાભાઈ કરીર, સુરેશ વિનુભાઈ સંઘાણી અને મયુર બળવંતભાઈ બગથરીયાને ઝડપી લઈ પટમાંથી રૂા.૬,૮૬૦ની રોકડ રકમ કબજે કરી તમામ વિરૂધ્ધ જુગારધારા એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# છ મહિનામાં ૨૦૭૮ રખડતા પશુઓને પકડતું કોર્પોરેશન

## ઝુંબેશની તીવ્રતા ઘટી છતાં ૧૪૦ પશુઓ પશુમાલીકોને પરત કર્યા વસૂલ્યો ૧૧.૬૫ લાખનો દંડ

રાજકોટ, તા. ૨૪

જેમ જેમ રાજકોટ શહેરનો વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ સુવિધાઓનો અભાવ પણ જોવા મળે છે એક સમયે રખડતા પશુઓનો પ્રશ્ન હલ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવ્યા હતા અને ઝુંબેશને વધુ તેજ બનાવવામાં આવી હતી પરંતુ હાલની સ્થિતિ અંગે જો વાત કરવામાં આવે તો અત્યારે આ યોજના અને આ ઝુંબેશ ખૂબ લેસ માત્રમાં ચાલે છે ત્યારે શહેરમાં ફરી એક વખત રખડતા પશુઓનો ત્રાસ વધ્યો છે જેને અંકુશમાં લાવવા માટે મહાનગરપાલિકાને અનેકવિધ રજૂઆતો પણ કરવામાં આવી છે.

સરકાર દ્વારા પ્રાણી સંજાડ અંકુશ નિયમ હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને શહેરમાં રખડતા ઢોર પકડવાની કામગીરી વધુ ઝડપી બનાવવાનો આદેશ કરી પ્રાંણી રંજાડ અંકુશના નિયમોમાં ધરખમ ફેરફારો કર્યા છે. જેના લીધે ઢોર પકડાયા બાદ પશુ પાલક પાસેથી આકરો દંડ તેમજ વિરોધ કરનાર પશુ પાલકો સામે ફોજદારી ગુનો સહિતની કામગીરી શરૂ થતાં શહેરભરમાંથી ઢોર અચાનક ગાયબ થઈ ગયા હતાં પરંતુ નિયમોની અમલવારી ઢીલી પડી હોય તેમ છેલ્લા છ માસ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ૨૦૭૮ ઢોર



પકડાયા હતાં. જે પૈકી ૧૪૦ પશુઓ પશુમાલીકોને પરત કરી તેમની પાસેથી રૂા. ૧૧.૬૫ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાની ઢોર રંજાડ છેલ્લા છ માસ દરમિયાન અલગ અલગ વિસ્તારોમાંથી ૨૦૭૮ પશુઓ પકડ્યા હતાં જે પૈકી ૧૬૯૫ પશુઓને ગૌશાળા અને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતાં. પકડાયેલા ઢોર પૈકી ૧૪૦ ઢોર પરત આપી પશુપાલકો પાસેથી રૂા. ૧૧.૬૫ લાખનો દંડ વસુલાયો હતો. મનપાના પ્રાણી રંજાડ વિભાગ દ્વારા ૪૬૪ નવા પશુઓની નોંધણી કરવામાં આવી હતી.જ્યારે એનિમલ હોસ્ટેલમાં ઢોર રાખવામાં આવેલ છે. તેની ફીની આવક રૂા. ૯.૭૩ લાખ થઈ છે. તેવી જ રીતે ૧૮૩૫ પશુઓનું વિજ્યુઅલ ટેગીંગ કરવામાં આવ્યું છે. તેમજ ૧૬૬૬ પશુઓને આર.એફ. આઈડી ટેગીંગ કરવામાં આવે છે. હાલ એનિમલ હોસ્ટેલના નવા ૧૨૭ પશુઓ નોંધાયા છે.

પ્રાણી રંજાડ અંકુશ વિભાગ દ્વારા નવેમ્બર ૨૦૨૪થી એપ્રિ ૨૦૨૫ દરમિયાન આ તમામ પ્રકારની કામગીરી કરવામાં આવી છે. તેમજ હાલ દિવસ અને રાત્રીના સમયે પણ ત્રણેય ઝોન વિસ્તારમાં જ્યાં વધુ રખડતા પશુઓની ફરિયાદો આવતી હોય તેવા વિસ્તારોમાં પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. શહેરમાં કુતરાઓના ત્રાસ વચ્ચે હડકવા ઉપડવાનું જોખમ વધી જાય છે. કોઈ પણ વ્યક્તિને શ્વાન કરડે ત્યારે તેને તુરંત હડકવાનું ઈન્જેક્શન આપવામાં આવતું હોય છે. શહેરના તમામ શ્વાન પૈકી અમુક શ્વાનમાં હડકવાના લક્ષણો જોવા મળ્યા બાદ તેમનું હડકવા વિરોધી રસીકરણ કરવામાં આવતું હોય છે. છતાં આપ્રકારના શ્વાનોમાં હડકવા વિરોધી રસીની અસર લાંબો સમય રહેતી ન હોય મનપાના પ્રાણી રંજાડ વિભાગ દ્વારા છેલ્લા છ માસ દરમિયાન વધુ ૫૧૯૧ શ્વાનોને હડકવા વિરોધી રસીકરણ કરવામાં આવ્યું છે.

પ્રાણી રંજાડ અંકુશ વિભાગ દ્વારા પશુઓ પકડવાની કામગીરી ઉપરાંત રખડતા શ્વાનોના વ્યંધીકરણ માટે એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. છતાં કુતરાઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. લોકોના કહેવા મુજબ વ્યંધીકરણ કર્યા બાદ શ્વાનની પ્રજનન શક્તિ નાશ પામે છે. છતાં દર વર્ષે કારતક માસ બાદ શહેરભરમાં ગલુડીયાઓ જોવા મળી રહ્યા છે. તે ક્યાંથી આવ્યા તેનો જવાબ તંત્ર આજ સુધી આપી શક્યું નથી. છતાં છ મહિના દરમિયાન વધુ ૧૫૨૫ શ્વાનનું વ્યંધીકરણ કરી ખર્ચનો હિસાબ મનપામાં મુકવામાં આવ્યો છે. આથી દર વર્ષે શ્વાન વ્યંધીકરણ પાછળ કરવામાં આવતો ખર્ચો વ્યર્થ જઈ રહ્યો હોવાની ચર્ચા જાગી છે.

૧૫ની ધરપકડ : ૧૨૦ લિટર દેશી દારૂ જપ્ત, જુગારનો પણ આરોપી ઝડપાયો

# દેશી દારૂના ધંધાર્થીઓ પર શાપર વેરાવળ પોલીસના દરોડા



રાજકોટ, તા. ૨૪

હાલ પ્રોહીબિશનના અનેકવિધ કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે સાપર વેરાવળ પોલીસ અને રૂરલ એલસીબી દ્વારા સાપર વેરાવળમાં દેશી દારૂના ધંધાર્થીઓ ઉપર તવાઈ બોલાવવામાં આવી. જિલ્લા પોલીસવડા હિમકરસિંહ દ્વારા પ્રોહીબિશન ને લગતા ગેરકાયદે પ્રવૃત્તિને નાબૂદ કરવા માટે સૂચના આપવામાં આવી હતી જે અન્વયે સિમરન ભારદ્વાજ તથા પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્ય કેજી ઝાલા દ્વારા એલસીબીની અલગ અલગ ટીમ તથા શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર બી રાણા દ્વારા કુલ ચાર અલગ-અલગ ટીમો બનાવી અલગ અલગ જગ્યાઓ પર તપાસ કરવામાં આવી જેમાં કુલ ૧૦ કેસ સાપર પોલીસે શોધી કાઢ્યા હતા અને પ્રોહીબિશનના ચાર કેસ એલસીબીની ટીમે શોધી કાઢ્યા એમ કુલ ૧૪ ગુન્હા શોધી કાઢી ૧૨૦ લિટર દેશી દારૂ કે જેની કિંમત ૨૪,૦૦૦ થાય છે તેને જપ્ત કરવામાં આવ્યો હતો સાથો સાથ જુગારનો એક ગુનો પણ સાપર પોલીસે શોધી કાઢ્યો હતો. પોલીસે આરોપીઓ વિરોધ કાયદાકીય કાર્યવાહી પણ હાથ ધરી છે.

જેમાં ભરત વલ્લભભાઈ સોલંકી, ખીમકરણ ઉર્ફે હીરાભાઈ માલાણી, પ્રવીણ વિક્રમભાઈ મણદૂરીયા, અનિતા ઉમેશભાઈ સાડમિયા, ભરત રવજીભાઈ પરમાર, નરેન્દ્રસિંહ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે ધોની શિવમંગલસિંહ, નાથી અજમલભાઈ માલાણી, દેવસૂર રાજાભાઈ વાળા, નંદુ ભીમજીભાઇ સોલંકી, રેણુકા અરૂણભાઇ ઠાકુર, વિનોદ ગોવિંદભાઈ પિઠીયા, મયુરસિંહ સુખદેવસિંહ જાડેજા, રામી ભાયાભાઈ ભાસલીયા, તથા લલિત સોમાભાઈ પરમારને ઝડપી પાડવામાં આવ્યા છે. આ કામગીરીમાં સાપર વેરાવળ પોલીસના તુષારસિંહ જાડેજા, દિનેશભાઈ કાતરીયા, વિરમભાઈ ભીમભા, રાજેશભાઈ વાવડીયા, પોલીસ કોન્સ્ટેબલ લગધીરસિંહ જાડેજા, દિવ્યેશભાઈ શામળા, જગસીભાઈ તથા વિમલભાઈ વેકરીયા, સુમિતભાઈ તથા અલ્પેશભાઈ ડામસિયા સહિતના કર્મચારીઓ જોડાયા હતા.

---

જીવરાજ પાર્કના છ મિત્રો યાત્રાએ જવા નીકળ્યાઃ રાજસ્થાન પાસે ઓગણીસ વર્ષનો તરૂણ હદવાણી ચાલુ ટ્રેનમાંથી પડી જતાં જિંદગીની સફરનો કરૂણ અંત

# હરિદ્વારની સફર અધુરી રહીઃ રાજકોટના યુવાનનું રસ્તામાં મોત

## બનાવની જાણ પરિવારજનો, સોસાયટીમાં થતાં કલ્પાંત સર્જાયો હતો. તરંગ તેના માતા-પિતાનો એકનો એક પુત્ર હતો અને આત્મીય કોલેજમાં બીસીએના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતોઃ સવારે છ વાગ્યે ટ્રેનમાંથી પડી ગયો, નવ વાગ્યે મમ્મીએ દિકરો ક્યાં પહોંચ્યો એ જાણવા ફોન જોડ્યો ત્યારે ઘટનાની જાણ થઈઃ ઘટના વખતે મિત્રો પણ ઉંઘી રહ્યા હતાં

રાજકોટ તા. ૨૪

કાળા માથાના માનવીની જિંદગી ક્યારે ખતમ થઇ જાય કેવી રીતે ખતમ થઇ જાય તેની કોઇને જાણ હોતી નથી. જન્મ લે તેનું મૃત્યુ નિશ્ચીત હોય છે પરંતુ અમુક અણધાર્યા મૃત્યુ જે તે હતભાગી મૃતકના સ્વજનો, સ્નેહીઓને કારમો ઉંડો આઘાત આપી જતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટના એક પરિવાર સાથે બની છે. જીવરાજ પાર્કમાં રહેતાં દંપતિનો એકનો એક ૧૯ વર્ષનો પુત્ર તેના પાંચ મિત્રો સાથે હરિદ્વારની યાત્રાએ રવાના થયો હતો. હોંશે હોંશે હૈયે અનેક ઉમંગ ઉત્સાહ સાથે આ સફરની શરૂઆત થઇ હતી. પરંતુ તેનો કરૂણ અંત રાજસ્થાન નજીક આવી ગયો હતો. ઓગણીસ વર્ષનો આ યુવાન ચાલુ ટ્રેનમાંથી ફેંકાઇ જતાં કમકમાટીભર્યુ મોત થયું હતું. કરૂણતા એ છે કે વહેલી સવારે બનેલી આ ઘટનાની ત્રણેક કલાક પછી મિત્રોને જાણ થઇ હતી, જ્યારે રાજકોટથી માતાએ દિકરો ક્યાં પહોંચ્યો તે જાણવા ફોન જોડ્યો ત્યારે તે ટ્રેનમાં ન હોઇ તપાસ થતાં કરૂણ કથનીની જાણ થઇ હતી.

રાજકોટમાં કાલાવડ રોડ પર સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક આવેલા જીવરાજ પાર્કમાં અંબાજી માતાના મંદિર નજીક રહેતો તરંગ રાજેશભાઇ હદવાણી નામનો ઓગણીસ વર્ષનો યુવાન શુક્રવારે સવારે રાજકોટ-સરાઇરોહીલા ટ્રેનમાં બેસીને દિલ્હી જતો હતો ત્યારે રાજસ્થાનના અલવરથી આગળ ખેરતાલ નજીક ચાલુ ટ્રેનમાંથી પડી જતાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. હાલ વેકેશન હોઇ તરંગ અને તેના બીજા પાંચ મિત્રો જેમાં યોગેશ વાડોદરીયા, મિસલીન, પ્રિયાંશુ ગોંડલીયા સહિતે હરિદ્વાર-મસુરીના પ્રવાસે જવાનું આયોજન કર્યુ હતું. યુવાન કોલેજીયન મિત્રોએ હરિદ્વાર ટૂરનું આયોજન કર્યુ હોઇ વાલીઓ, પરિવારજનોએ પણ તેમને ત્યાં જવાની છુટ આપી હોઇ અગાઉથી ટ્રેન ટિકીટ બૂક કરાવી હતી. છએય મિત્રો ગુરૂવારે બપોરે રાજકોટથી ટ્રેનમાં બેસીને હસીખુશીથી સફરે રવાના થયા હતાં. પણ કોઇને ખબર નહોતી કે છ મિત્રોમાંથી એકની જિંદગીની સફર જ ખતમ થઇ જવાની છે!

વધુ માહિતી અનુસાર ટ્રેન ગુરૂવારે રાજકોટથી





ઉપડી બીજા દિવસે એટલે કે શુક્રવારે સવારે છએક વાગ્યે રાજસ્થાનના અલવરથી આગળ ખેરતાલ પાસે પહોંચી ત્યારે બીજા પાંચ મિત્રો સુતા હોઇ તરંગ હદવાણી ટ્રેનના દરવાજા પાસે હવા ખાવા કે એમ જ ટહેલવા ગયો હતો. આ વખતે ટ્રેન ભારે ગતિમાં હોઇ દરવાજા પાસે ઉભેલો તરંગ કોઇપણ રીતે બહાર ફેંકાઇ ગયો હતો. આ ઘટનાથી તેમના બીજા પાંચ મિત્રો અજાણ હતાં. સવારે નવેક વાગ્યે ત્યારે રાજકોટથી તરંગના મમ્મી શ્રીમતી સ્મીતાબેન હદવાણીએ દિકરો અને તેના મિત્રો કયાં પહોંચ્યા? તે જાણદા દિકરા તરંગને મોબાઇલ જોડ્યો હતો. તરંગનો મોબાઇલ તેની સીટ પર હતો, પણ તરંગ નહોતો. રીંગ વાગતાં કોઇ મિત્રએ જાગીને તરંગનો ફોન રિસીવ કર્યો હતો. ત્યારે તરંગના મમ્મીએ વાત કરી તરંગ ક્યાં છે? એમ પુછતાં મિત્રએ તે કદાચ ટ્રેનમાં જ કે ટોઇલેટમાં હશે તેમ વાત કરી હતી, આવે એટલે ફોન કરાવું તેમ કહ્યુ હતું.

જો કે પાંચં મિત્રોએ ટ્રેનમાં લાંબો સમય રાહ જોવા છતાં તરંગ તેની સીટ પર ન આવતાં તપાસ શરૂ કરી હતી. આગળ રેવાડી સ્ટેશન આવતાં મિત્રો ચિંતાતુર બનીને ઉતરી ગયા હતાં અને જીઆરડી રેલ્વે પોલીસને જાણ કરી હતી કે તેનો મિત્ર તરંગ ટ્રેનમાંથી ગાયબ થઇ ગયો છે. આ સાંભળી પોલીસ પણ ચોંકી ગઇ હતી. બાદમાં રેલ્વે પોલીસે તપાસ શરૂ કરતાં બપોરના સાડા બાર આસપાસ રાજસ્થાનના ખેરતાલ પાસેથી તરંગનો મૃતદેહ મળી આવતાં મિત્રો શોકમાં ગરક થઇ ગયા હતાં અને રાજકોટ પરિવારજનોને આ કરૂણ ઘટનાની જાણ કરી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી મિત્રોને સોંપ્યો હતો.

આ ઘટનાને પગલે ગમગીની વ્યાપી ગઇ હતી. શનિવારે બપોર બાદ મૃતદેહ રાજકોટ નિવાસસ્થાને આવી પહોંચ્યા બાદ સાંજે ચાર વાગ્યે અંબિકા ટાઉનશીપ કસ્તુરી એવીયરી પાસેના સત્યજીત સોપાન ખાતેથી તરંગની અંતિમયાત્રા નીકળતાં કરૂણ દ્રશ્યો સર્જાયા હતાં. જે યુવાને મિત્રો સાથે હરિદ્વારની સફરનો આરંભ કર્યો હતો, એ યુવાન 'પરલોક' સિધાવી જતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર તરંગ માતા-પિતાનો એકનો એક પુત્ર હતો અને આત્મીય કોલેજમાં બીસીએના ત્રીજા વર્ષમાં ભણતો હતો. તેના પિતા રાજેશભાઇ બાબુભાઇ હદવાણી મુળ ગોંડલના ચોરડીના વતની છે. જો કે વર્ષોથી આ પરિવાર રાજકોટ સ્થાયી થયો છે. રાજેશભાઇ-રાજેન્દ્રભાઇ ચાર ભાઇઓ છે. તેમના બીજા ભાઇઓના નામ ભરતભાઇ હદવાણી, રમેશભાઇ હદવાણી અને અતુલભાઇ હદવાણી છે. આ બનાવને પગલે જીવરાજ પાર્ક, અબીકા ટાઉનશીપમાં પણ ગમગીની વ્યાપી ગઇ હતી. યુવાન અને એકલૌતા દિકરાના નિધનથી દંપતિ શોકમાં ગરક થઇ ગયું હતું.

### રોજબરોજ કોઇને કોઇ માનવીની જિંદગીની સફરનો આવી જાય છે કરૂણ અંતઃ વધુ ચાર ઘટના

# હિટ એન્ડ રનમાં આધેડનો, ટ્રેકટર પરથી પડતાં બાળાનો જીવ ગયો

### એક આધેડને મોટરસાઇકલ સહિત ગાયએ ઢીંકે ચડાવતાં રામ રમી ગયાઃ એક યુવાન મામાના ઘરે તાવ-આંચકીથી બેભાન થઇ જતાં શ્વાસ રૂંધાઇ ગયા

રાજકોટ તા. ૨૪

કાળનું ચક્ર રોજબરોજ ફરી વળે છે. શહેરની સિવિલ અને ખાનગી હોસ્પિટલમાં રોજબરોજ અપમૃત્યુની ઘટનાઓ બને ત્યારે પોલીસ કાર્યવાહી કરી જે તે મૃતકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવા સહિતની કાર્યવાહી કરે છે. આ પ્રકારના મૃત્યુની વધુ ચાર ઘટનાઓ સામે આવી છે. જેમાં એક બનાવમાં હિટ એન્ડ રનમાં આધેડે જિંદગી ગુમાવી હતી. એક માસુમ બાળકી ટ્રેકટર પર રમતાં રમતાં ગબડી પડતાં મોત થયું હતું. ત્રીજા બનાવમાં ગાયએ ઢીંક મારી ટુવ્હીલરને ઉલાળતાં ચાલક પ્રૌઢના રામ રમી ગયા હતાં. ચોથા બનાવમાં મામાના ઘરે આટો મારવા ગયેલા યુવાનનું તાવ-આંચકીને કારણે મૃત્યુ થયું હતું.

કરૂણ ઘટનાઓ પૈકી હિટ એન્ડ રનના બનાવની વિગતો જોઇએ તો જામજોધપુરના જામવાડીના પાટીયા પાસે આ બનાવ બન્યો હતો. જેમાં જામવાડીના આધેડનું મૃત્યુ થયું છે. તેઓ રાજકોટથી કામ પતાવી પોતાના ગામના પાટીયા પાસે બસમાંથી ઉતરી ઘર તરફ જવા ચાલતા થયા એ વખતે કારનો ચાલક ઉલાળીને ભાગી જતાં ગંભીર ઇજા થઇ હતી. સારવાર દરમિયાન રાજકોટમાં દમ તોડી દીધો હતો. જામજોધપુરના જામવાડીમાં રહેતાં પિસ્તાલીસ વર્ષના તુષારભાઇ રમણિકભાઇ ખાંટ-પટેલ સાંજે સાડા આઠેક વાગ્યે જામવાડી ગામના પાટીયા પાસે રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે અજાણી કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. પરિવારજનોને જાણ થતાં તેઓ પણ દોડી આવ્યા હતાં.

ગંભીર ઇજાગ્રસ્ત તુષારભાઇને જામજોધપુર હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતાં. પરંતુ અહિ વહેલી સવારે તેમનું મૃત્યુ નિપજતાં પરિવારમા કલ્પાંત સર્જાયો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, મહેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જામજોધપુર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર તુષારભાઇ એક બહેન અને બે ભાઇમાં મોટા તથા અપરિણીત હતાં. તેઓ કનેરીયા મીલમાં નોકરી કરતાં હતાં. ગઇકાલે રજા હોઇ રાજકોટ કામ માટે આવ્યા હતાં અને પરત





પોતાના ગામના પાટીયા પાસે પહોંચ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા કારચાલકને પોલીસ શોધી રહી છે.

બીજા બનાવમાં ચોટીલાના મેવાસામાં રહેતાં અને ખેત મજૂરી કરતાં દિનેશભાઇ જાદવની ચાર વર્ષની દિકરી ક્રિષ્ના  સાતેક વાગ્યે ઘર પાસે ટ્રેકટરની ટ્રોલીમાં બીજા બાળકો સાથે રમતી હતી ત્યારે ઉપરથી નીચે પડી જતાં ગંભીર ઇજા થતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ સવારે દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. ક્રિષ્ના બે બહેન અને એક ભાઇમાં નાની હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ કરતા નાની મોલડી પોલીસ સ્ટેશનના સ્ટાફે રાજકોટ આવી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. લાડકવાયીના મૃત્યુથી જાદવ પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

ત્રીજી ઘટના જોઇએ તો પોરબંદરના કોલીખડાના પ્રૌઢને પોરબંદરમાં ગાયે બાઇક સહિત ઢીંક મારી ઉલાળી દેતાં ગંભીર ઇજા થવાથી તેમનું મોત થયું છે. કોલીખડામાં રહેતાં પંચાવન વર્ષના માયાભાઇ જાદવભાઇ રાડા બે દિવસ પહેલા રાતે નવેક વાગ્યે ઘરેથી કામ માટે બાઇક લઇને નીકળ્યા હતાં. દરમિયાન પોરબંદર જ્યુબીલી વિસ્તારમાં પહોંચ્યા ત્યારે એક ગાયએ તેમને બાઇક સહિત પછાડી દેતાં ગંભીર ઇજા થતાં પોરબંદર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમણે અંતિમ શ્વાસ લઇ લીધા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે પોરબંદર ઉદ્યોગનગર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર માયાભાઇ છુટક મજૂરી કરતાં હતાં. તે બે બહેન અને ચાર ભાઇમાં મોટા હતાં. સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. ઢોરના ત્રાસ અનેક વખત જીવલેણ નીવડી ચુક્યા છે. જેમાં આ વધુ એક બનાવ ઉમેરાયો છે.

અપમૃત્યુના ચોથા બનાવમાં રાજકોટના મુંજકા  ગામે પરિશ્રમ સોસાયટીમાં રહેતા વીસ વર્ષના ધાર્મિક સુભાષભાઇ ભટ્ટ નામના યુવાનનું માણાવદરના બાટવા ગામે મામાના ઘરે બેભાન થઇ ગયા બાદ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી અનુસાર ધાર્મિક ભટ્ટ અઠવાડીયા પહેલા બાટવા મામાના હિતેષભાઇ રાવલના ઘરે ગયો હતો અને ત્યાં રોકાયો હતો. ત્યાં તેને તાવ આવવાની સાથે આંચકી પણ ઉપડતાં દવા લીધી હતી. ગઇકાલે તબિયત બગડતાં બેભાન જેવો થઇ જતાં વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોડી રાતે મૃત્યુ થયું હતું. ધાર્મિક બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તેના પિતા સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. દિકરાના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

### એકલવાયુ જીવન જીવતાં વૃધ્ધને હાર્ટએટેક આવી ગયાનું તારણઃ વાવડી આગમન સીટી એપાર્ટમેન્ટનો બનાવ

## બે દિવસથી બંધ ફ્લેટમાંથી પડોશીને દૂર્ગંધ આવીઃ તપાસ થતાં વૃધ્ધનો મૃતદેહ મળ્યો

રાજકોટ તા. ૨૪

બંધ ફ્લેટમાંથી દૂર્ગંધ આવતી હોઇ પડોશીએ સોસાયટીના પ્રમુખને બોલાવી દરવાજો તોડાવી તપાસ કરતાં અહિ રહેતાં વૃધ્ધની અંદરથી લાશ મળી આવતાં અરેરાટી વ્યાીપ ગઇ હતી. આ બનાવ ગોંડલ રોડ પર વાવડીમાં પરીન ફર્નિચર પાસે આવેલા આગમન સીટી એપાર્ટમેન્ટમાં પાંચમા માળે ફ્લેટ નં. ૫૦૪માં આ બનાવ બન્યો હતો. આ ફ્લેટમાં રહેતાં પાંસઠ વર્ષના રમેશભાઇ નાથાભાઇ સંચાણીયા નામના વૃધ્ધ એકલા જ રહેતાં હતાં. દરરોજ તે ફ્લેટ બહાર બેસવા માટે આવતાં હતાં. પરંતુ બે દિવસથી તેઓ બહાર ન આવતાં પડોશીને શંકા ઉપજતાં અને દરવાજામાંથી થોડી દૂર્ગંધ પણ આવતી હતી.

આથી તેમણે સોસાયટીના પ્રમુખને જાણ કરતાં તેમણે અને



બીજા રહેવાસીઓએ દરવાજો ખુબ ખખડાવ્યો હતો. પરંતુ અંદરથી કોઇ જવાબ ન મળતાં દરવાજો તોડીને જોતાં રમેશભાઇ બેભાન મળી આવ્યા હતાં. ૧૦૮ને જાણ થતાં તેના તબિબ જ્યોત્સનાબેન પરમારે તેમને મૃત જાહેર કર્યા હતાં. પોલીસ કન્ટ્રોલ રૂમમાંથી એએસઆઇ ફતેહસિંહ સોલંકીએ આ બનાવની જાણ કરતાં તાલુકા પીએસઆઇ એમ. સી. પારગી, કિરીટભાઇ રામાવત, જયસુખભાઇ વાઘેલા, રઝાકભાઇ દલ સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસ ઇન્સપેક્ટર ડી. એમ. હરિપરાની સુચનાથી મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર રમેશભાઇ સંચાણીયા અહિ એકલા જ રહેતાં હતાં. વર્ષો પહેલા તેમના છુટાછેડા થઇ ગયા હતાં. તેમના એક ભાભી મુંબઇ તરફ રહેતાં હોવાની પ્રાથમિક વિગતો મળી હતી. મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસ ફોરેનિસક પોસ્ટમોર્ટમ થતાં હાર્ટએટેકથી મૃત્યુ થયાનું ખુલ્યું હતું.

## ઢેબર રોડ કોર્પોરેશન પાછળ હોસ્પિટલમાં મહિલા તબિબનું મોત

### ડો. એન્જલ મારકણા બેભાન થઇ ગયા બાદ મૃત્યુઃ બે વર્ષ પહેલા લગ્ન થયા હતાંઃ પરિવાર, હોસ્પિટલ સ્ટાફમાં અરેરાટી

રાજકોટ તા. ૨૪

અપમૃત્યુના અન્ય એક બનાવમાં માધાપર ચોકડી પાસે આસ્થા રેસીડેન્સીમાં રહેતાં પચ્ચીસ વર્ષિય મહિલા તબિબ ડો. એન્જલબેન ધવલભાઇ મારકણા  કનક રોડ પર આરએમસી ઓફિસ પાછળ આવેલી ખાનગી હોસ્પિટલમાં બેભાન થઇ પડી જતાં મોત નિપજ્યું હતું. વધુ માહિતી અનુસાર ડો. એન્જલબેન મારકણા ઢેબર રોડ પર મહાનગર પાલિકા કચેરીની પાછળ આવેલી



બાલાજી હોસ્પિટલમાં બેભાન થઇ પડી ગયા બાદ મોત થયાની જાણ થતાં એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના હેડકોન્સ. લાભુભાઇ જતાપરા સહિતે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

મૃત્યુ પામનાર ડોકટર એન્જલબેનના લગ્ન બે વર્ષ પહેલા થયા હતાં. પોતે હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં હતાં. તેમના પતિ આસ્થા સાંગ્રીલા નામે માધાપર ચોકડીએ ક્લીનીક ચલાવે છે. આ બનાવથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મોતનું કારણ જાણવા પોલીસ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઇ રહી છે.

## કટારીયા ચોકડી સીક્સલેન બ્રિજનું કામ મંદગતિએ

### મહાનગરપાલિકા હાલ ડાયવર્ઝનના માટે કરી રહી છે મથામણ : ખાતમુહૂર્તને બે મહિના થયા છતાં કામગીરી શૂન્ય

રાજકોટ, તા. ૨૪

શહેરની માળખાગત સુવિધાઓ વધારવા માટે અને હાલ જે રીતે જન સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ મુખ્ય માર્ગો પર બ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરી છે ત્યારે કાલાવડ રોડ કટારીયા ચોકડી પાસે શહેરનો સર્વપ્રથમ કેબલ ફ્લાવર બ્રિજ બનાવવા માટેનો જે નિર્ણય લેવામાં આવ્યો તેનું ખાતમુરત પણ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું હતુ પરંતુ દર વખતની જેમ મહાનગરપાલિકાની ઢીલીતીના પગલે જે કામગીરી ઝડપભેર શરૂ થવી જોઈએ અને પૂર્ણ થવી જોઈએ તે થઈ શકતી નથી. હાલ આ કામગીરી માટે જે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું તેને બે મહિના થઈ ગયા છે છતાં પણ એક પણ પ્રકારનું કામ શરૂ કરવામાં આવ્યું નથી અને જાણે મહાનગરપાલિકા હજુ પણ ગડમથલમાં હોય તેવું માનવામાં આવી રહ્યું છે.

પરંતુ અગાઉ  ટેન્ડર પ્રક્રિયા પૂર્વે પસાર થયેલા સમય, ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં ઢીલ સહિતના કારણોથી આ મુખ્ય માર્ગના વિકલ્પે બનાવવાના ડાયવર્ઝન રોડનું કામ હવે આગળ વધ્યું છે. આથી ચોમાસા પહેલા ચોકમાં બ્રીજના પાયા ઉભા કરવાનું કામ  શરૂ થાય તેવું લાગતું નથી. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ જલારામ ફાસ્ટ ફૂડ અને કોસ્મોપ્લેક્સ આજુબાજુ રોડની આગળ પાછળ વૈકલ્પિક માર્ગ આપવા નો થાય છે ત્યારે મુખ્ય રોડ બંધ થાય તો મેટોડા તરફ જતો મુખ્ય ટ્રાફિક બંધ થશે અને આ કારણે રોડ પરનું પીલર નું કામ શરૂ



કરતા પૂર્વે બંને તરફ ડાઈવરજન માટેના રોડનું કામ ચાલુ છે. પરંતુ આ કામ ક્યારે પૂર્ણ થશે તે પણ સૌથી મોટો પ્રશ્ન છે.

હાલ માવઠું જે વરસ્યું તેના કારણે આ કામમાં ઘણો ખરો અવરોધ આવ્યો છે ત્યારે ચોમાસા પુરવા ડાઈવરજનના રોડનું કામ પૂરું થઈ જાય તો પણ સારું કહેવાય પરંતુ હાલની સ્થિતિએ આ કાર્ય પૂર્ણ ન થાય તો પણ નવાઈ નથી. કટારીયા ચોકડીએ જે સિક્સ લેન્ડ કેબલ બ્રિજ નો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે તે ૭૪૪ મીટર લંબાઈ અને ૨૩.૧ મીટર ની પહોળાઈ વાળો આ બ્રિજ બનશે અને આ બ્રિજ હેઠળ અન્ડરપાસનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

હાલા બ્રિજ માટે ૧૬૭ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે ત્યારે વહેલાસર આ પ્રોજેક્ટ શરૂ થાય તેવી લોક માંગણી પણ ઉઠી રહી છે. અત્યારે મહાનગરપાલિકા દ્વારા રોડ ડાઈવર્ટ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. કટારીયા ચોકના વૈકલ્પિક ટ્રાફિક માટે સર્વિસ રોડ પર ડ્રેનેજ લાઇન, સ્ટોર્મ વોટર લાઇન, ડીઆઇ વોટર પાઇપલાઇન, એનીમલ હોસ્ટેલ પાસે બોકસ કલ્વર્ટનું કામ ચાલી રહ્યું છે.

ડાયવર્ઝન રૂટના કામ પર નજર કરીએ તો રંગોલી આવાસ પાસે ૧૮ મીટરના ટીપી રોડ પર બોકસ કલ્વર્ટનું કામ ચાલે છે. રત્નવિલાસ રોડ પર રસ્તાનું કામ કરાઇ રહ્યું છે. સરિતા વિહાર તરફથી આવતો રસ્તો રીંગ રોડ ક્રોસ કરાવવામાં આવશે. તો જલારામ ફાસ્ટ ફૂડ પાછળથી બીજો રોડ કાઢવામાં આવ્યો છે. સેરેનીટી ગાર્ડન સાઇટ સુધી આ રોડનું કામ થવાનું છે. આમ પણ વર્કઓર્ડર બાદ સરકારના આર એન્ડ બી વિભાગમાંથી ડિઝાઇન મંજૂર કરવાની પ્રક્રિયા પણ ચાલતી હતી. આમ તો કાલાવડ રોડ પહોળો કરવા અગાઉ કાર્યવાહી થઇ છે. તે દરમ્યાન કટારીયા ચોકની બંને તરફ આવતી ૯ જેટલી મિલ્કતોની કમ્પાઉન્ડ વોલ પણ કપાઇ રહી છે. આ આસામીઓને નોટીસ આપવામાં આવી હતી. હવે ડાયવર્ઝનનું કામ થોડા દિવસોમાં પુરૂ થશે. તે બાદ વરસાદ પણ શરૂ થઇ ગયો હોય તેવી શકયતા રહેશે. આથી બ્રીજનું મુખ્ય કામ ચોમાસા બાદ જ શરૂ થાય તેવા સંકેત છે.

## બે લાખના મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત

### પ્રનગર પોલીસ સ્ટેશનની કામગીરી : CEIR પોર્ટલની મદદથી ખોવાયેલા મોબાઇલ ફોન લેવાયા પરત

રાજકોટ તા. ૨૪

રાજકોટ શહેર પોલીસ કમિશનર તથા પોલીસ વિભાગના ટોચના અધિકારીઓ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ ની યોગ્ય અમલવારી કરવામાં આવી રહી છે જેમાં અરજદારોના મોબાઈલ ફોન ગુમ થયા હોય તેને શોધી કાઢવા માટેના તમામ પ્રયત્નો કરવામાં આવતા હોય છે અને તે મોબાઇલ ફોન શોધી અરજદારને પરત પણ આપી દેવામાં આવે છે ત્યારે ગઈકાલે ટેકનિકલ એનાલિસિસ મારફતે અને સીઈઆઈઆર પોર્ટલની મદદથી ૨.૨૧ લાખના મોબાઈલ ફોન શોધી તેના મૂળ માલિકની ખરાઈ કરી પરત આપવામાં આવ્યા પોલીસ ઈન્સ્પેક્ટર વી આર વસાવાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર કે ગોહિલ તથા પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ વાળા, અરવિંદભાઈ ઝાપડિયા, જેસલબેન મોરી, વૈશાલીબેન તથા રીટાબેન દ્વારા સીઈઆઈઆર પોર્ટલની મદદથી ટેકનિકલ એનાલિસિસ કરી કુલ ૧૨ મોબાઇલ ફોન તેના મૂળ માલિકને સોંપવામાં આવ્યા.

હાલ ફોનની ચોરી નું પ્રમાણ ઘણાખરા અંશે વધી ગયું છે પરંતુ સરકાર અને ગૃહ વિભાગ દ્વારા જે તેરા તુજકો અર્પણ ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે તેનાથી ઘણો ફરો ફાયદો પણ પહોંચ્યો છે ગઈકાલે જે બે લાખથી વધુ કિંમતના મોબાઈલ ફોન તેના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા તેમાં પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસ કમિશનર દ્વારા આ પ્રકારના ગુનાનું ડિટેકશન ઝડપી બનાવવા માટે પણ હાલ તમામ જરૂરી પગલાઓ લેવા માટે જણાવ્યું છે અને તે દિશામાં હાલ તમામ પોલીસ સ્ટેશન દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

### જુદા જુદા કારણોસર દુનિયાને અલવીદા કહી દેવાના બે કરૂણ કિસ્સા

# લવમેરેજ બાદ ડિવોર્સ થતાં યુવતિએ મોત મીઠું કર્યું

### રામ પાર્કની યુવતિ માતા-પિતાનું એકમાત્ર સંતાન હતીઃ મહિલાએ પતિને કેન્સર થતાં તેની ચિંતામાં જિંદગી ટૂંકાવી



રાજકોટ તા. ૨૪

આત્મહત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. અલગ અલગ કારણોસર લોકો મહામુલી જિંદગીથી છેડો ફાડી લેતાં હોય છે. આમ કરીને તે પોતે તો પોતાની તકલીફમાંથી કાયમને માટે કદાચ છુટી જાય છે પરંતુ પોતાની પાછળ પરિવાર સગા સ્વજનોને કારમો આઘાત આપતા જાય છે. આપઘાતની વધુ બે આવી ઘટના બની છે. જેમાં એક યુવતિએ ગળાફાંસો ખાઇ લીધો હતો. માતા-પિતાની તે એકમાત્ર સંતાન હતી. લવમેરેજ બાદ છુટાછેડા થઇ જતાં તેણી ડિપ્રેશનમા રહેતી હતી. બીજા બનાવમાં એક મહિલાએ પતિની કેન્સરની બિમારીની ચિંતામાં એસિડ પી આપઘાત કરી લીધો હતો.

શહેરના દોઢસો ફુટ રીંગ રોડ પર બાલાજી હોલ પાછળ રામ પાર્ક-૬માં રહેતી ચોવીસ વર્ષની ફેનાબેન નરોત્તમભાઇ વાછાણી નામની યુવતિએ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. ફેનાબેન સાંજે ઉપરના માળે પોતાના રૂમમાં ગયા બાદ રાતે નવ સુધી નીચે ન આવતાં પરિવારજનોએ તપાસ કરતાં તેણીએ કપડુ બાંધી ગળાફાંસો ખાઇ લીધાનું જણાતાં કલ્પાંત સર્જાયો હતો. ૧૦૮ના ડો. રોશનીબેન ચાવડાએ તેણીને મૃત જાહેર કરતાં પીસીબીઆર ઇન્ચાર્જ કલ્પેશભાઇ શેખએ તાલુકા પોલીસને જાણ કરી હતી. પીએસઆઇ એમ. સી. પારગી, કિરીટભાઇ રામાવત, જયસુખભાઇ વાઘેલા, રઝાકભાઇ દલ સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ ફેનાબેન તેના માતા-પિતાના એકના એક દિકરી હતાં. તેણીના પિતા નમકીનની કંપનીનું ટ્રેડીંગ કરે છે.

પોલીસની પ્રાથમિક તપાસ બહાર આવેલી વધુ માહિતી મુજબ ફેનાબેને ગત જાન્યુઆરીમાં કોલેજ ફ્રેન્ડ સાથે લવમેરેજ કર્યા હતાં. જો કે એપ્રિલ મહિનામાં જ છુટાછેડા થઇ ગયા બાદ તેણી ડિપ્રેશનમાં રહેતી હતી. તેણીના માતાની તબિયત પણ બરાબર રહેતી નહોતી. આ કારણોસર કદાચ પગલુ ભર્યાની શક્યતા છે. અંતિમવિધી પુર્ણ થયા પછી પોલીસ મૃતકના સ્વજનોના વિશેષ નિવેદન નોંધવા તજવીજ કરશે.

આત્મહત્યાના બીજા બનાવમાં સરધારના હલેન્ડા ગામે રહેતાં પચાસ વર્ષના નીતાબેન કિશોરભાઇ પારેલીયા નામના મહિલાએ  ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર  નીતાબેનને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે. તેના પતિ લુહારી કામ કરે છે. પતિને હાલમાં કેન્સરની બિમારી લાગુ પડી હોઇ તે પોતે જોઇ શકતાં ન હોઇ ચિંતામાં આ પગલું ભરી લીધાનું તેમના સ્વજનોએ પોલીસને કહ્યું હતું.



# હૃદય કંપાવનાર TRP અગ્નિકાંડને એક વર્ષ પૂરું
# નથી મળ્યો હજુ સુધી ન્યાય

## આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ પણ થયો નથી : ડિસ્ચાર્જ અરજી પર થઈ રહી છે સુનાવણી : સરકાર પક્ષે રોજેરોજ કેસ ચલાવવા કરાઈ માંગ : આરોપીઓ જાણી જોઈને કેસ લંબાવી રહ્યા હોવાનું જાણકાર વર્તુળોનું માનવું

રાજકોટ, તા.૨૯

અત્યંત હૃદય કંપાવનાર ઘટના જો કોઈ હોય તો તે ટીઆરપી અગ્નિકાંડની છે આજે પણ એ ચીચિયારીઓ એ રસ્તા પર નીકળતા જ જાણે સાંભળવા મળતી હોય તેવો આભાસ થાય છે. સરકારે પણ એસઆઈટીની રચના કરી પરંતુ અંતે નિવેડો શું આવ્યો તે દરેકને ખ્યાલ છે જાણી જોઈને કેમ આ મેટરને અને આ કેસને દબાવવામાં આવતો હોય તેવું જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે. આરોપીઓના મોઢા પર સહેજ પણ સહેસરમ નથી ઊલટું તેઓ તો ડિસ્ચાર્જ અરજી માટે પણ અરજી કરી રહ્યા છે જેથી કેસ લાંબો ચાલે. પરંતુ સરકાર ક્યારે આ વાતને ગંભીરતાથી લેશે તે સૌથી મોટો પ્રશ્ન છે કારણ કે અસરગ્રસ્ત તો અને ભોગ બનનાર પરિવાર હજુ પણ ન્યાય ઝંખે છે.

ટીઆરપી અગ્નિકાંડને આજે એક વર્ષ થયું છતાં પણ જે મૃતક પરિવારોને ન્યાય મળવો જોઈએ તે હજુ સુધી મળી શક્યો નથી એટલું જ નહીં અગ્નિકાંડમાં હજુ એક પણ આરોપી સામે ચાર્જ ફ્રેમ પણ થયો નથી. ત્યારે મૃતકોને કેવી રીતે ન્યાય મળશે તે હવે જોવાનું રહ્યું. આ માટે તંત્ર કયા પ્રકારના પગલાં લેશે એ પણ હવે એટલું જ મહત્વનું છે. કારણકે જે આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ થયો નથી તો તે હર્ષામાં ડિસ્ચાર્જ અરજી કરી આરોપીઓ કેસ પણ લંબાવી રહ્યા છે તેવું તજજ્ઞોનું માનવું છે. ટીઆરપી અગ્નિકાંડના મુદ્દે કેસ રોજે રોજ ચલાવવાની માંગ સરકાર પક્ષે કરી હતી પરંતુ તે અરજી હજુ પેન્ડિંગ છે. ૧૫ આરોપીઓ પૈકી સાત આરોપીઓએ કેસમાંથી પોતાને બીન તોમત છોડી મૂકવા ડિસ્ચાર્જ અરજી કરી છે જેના પર હાલ સુનાવણી પણ ચાલુ છે. રાજકોટના ઈતિહાસમાં મનપાને જે કાળી ટીલી લાગી છે તે ટીઆરપી અગ્નિકાંડ ૨૫ મે ૨૦૨૪ ના સાંજે નાના મોવા રોડ ખાતે આવેલી સયાજી હોટલ પાછળ થયો હતો જેમાં ૨૭ લોકોના મોત નીપજ્યા હતા અને ત્રણ લોકોને ઈજા પહોંચી હતી. આ દુર્ઘટનામાં પોલીસે ફરિયાદી બની દોષિતો સમક્ષ ફરિયાદો પણ નોંધતી હતી.

મળતી માહિતી મુજબ ટીઆરપી અગ્નિકાંડમાં જો સંચાલકોની વાત કરવામાં આવે તો ધવલ ઠક્કર, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશ હિરણ, યુવરાજસિંહ હરિસિંહ સોલંકી, રાહુલ લલિત રાઠોડ, નિતીન મહાવીરપ્રસાદ લોઢાજૈન, મનસુખ સાગઠીયા, ગૌતમ જોશી, મુકેશ મકવાણા, રોહિત વિગોરા, જયદીપ ચૌધરી, રાજેશ મકવાણા, ઈલેશ ખેર, ભીખા ઠેબા, અને મહેશ રાઠોડ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ૧૫ આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ બાદ તે સર્વેને જેલ હવાલે કરવામાં આવ્યા હતા જેમાંથી ચાર આરોપી હાલ જામીન પર મુક્ત છે. બાકીના ૧૧ આરોપી હાલ જેલમાં સજા ભોગવી રહ્યા છે.

એટલું જ નહીં આ અત્યંત દુઃખદ દુર્ઘટનામાં જે ચાર્જશીટ થઈ તે બાદ જમીન માલિક અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, ફાયર ઓફિસર ખેર, ચીફ ટીપીઓ મનસુખ સાગઠીયા, આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર રાજેશ મકવાણા, ગૌતમ જોશી, આસિસ્ટન્ટ એન્જિનિયર જયદીપ ચૌધરી દ્વારા જામીન અરજી કરવામાં આવી હતી જેને કોર્ટ દ્વારા ના મંજૂર કરાઈ હતી. એટલું જ નહીં આ તમામ આરોપીઓએ હાઈકોર્ટમાં પણ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરી હતી જેમાં એટીપી રાજેશ મકવાણા, ગૌતમ જોશી અને એન્જિનિયર જયદીપ ચૌધરીની જામીન અરજી હાઈકોર્ટે મંજૂર કરી હતી.કોર્ટ આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ ઘડે તે પહેલા જ એક બાદ એક ડિસ્ચાર્જ અરજી આવી હતી. જેમાં ધવલ ઠક્કર, નીતિન લોઢા, મનસુખ સાગઠીયા, ગૌતમ જોશી, જયદીપ ચૌધરી, રાજેશ મકવાણા, ભીખા ઠેબાની ડિસ્ચાર્જ અરજી પર સુનાવણી ચાલી રહી છે. ૫ ડિસ્ચાર્જ અરજી પર કોર્ટે બંને પક્ષની દલીલ કોર્ટે સાંભળી છે. વધુ બે ડિસ્ચાર્જ અરજી પર આગામી તા.૧૨ જૂનના રોજ વધુ સુનાવણી થશે.




### ક્યાં આરોપીઓ જેલમાં

ધવલ ઠક્કર, યુવરાજસિંહ સોલંકી, રાહુલ રાઠોડ, નીતિન લોઢા, અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, મહેશ રાઠોડ, મનસુખ સાગઠીયા, રોહિત વિગોરા, ભીખા ઠેબા અને ઈલેશ ખેર

### કેસ દરરોજ ચલાવવા કરાઈ છે અરજી

૧ ઇંઈંઊં મકાનમાં રહેતા આ પરિવારની હાલત દયનીય છે. આજે પણ તેઓ ઝછ્ક ગેમ ઝોન પાસે જઈને તેમની બહેનને ગોતે છે, કહે છે કે મને એવું લાગે છે કે જાણે મારી બહેન ત્યાં જ છે. મોટી બેન સંતોષ કાથડે જણાવ્યું હતું કે, મને 'પાડો' કહેતી અને કંઈપણ કામ કરવા દેતી નહોતી. જ્યારે માતા ગીતાબેનનું કહેવું છે કે અમે દીકરી નહીં પણ દીકરો ગુમાવ્યો છે. જ્યારે સંતોષ કાથડે રાજકોટ મિરર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, આશા અમારી દીકરી નહીં દીકરો હતી. એ હંમેશાં કહેતી કે પપ્પા હું તમારો દીકરો છું.પપ્પાની તબિયત સારી રહેતી ન હોવાથી કહેતી કે, હવે તમે કામે ના જતા. હું કામ કરીશ એક વર્ષ પછી હું મિલિટરીમાં નોકરી કરી તમને સાચવીશ. હવે બધું સારું થઈ જશે ઉપાધિ કરોમાં તેવી સલાહ તેના પિતાને આપતી હતી. એટલે અમે આધારસ્તંભ જેવો દીકરો ગુમાવ્યો છે. સરકાર એની કિંમત ચાર લાખ રૂપિયા ગણે છે. પરંતુ હકીકતમાં ચાર કરોડ રૂપિયા આપે તો પણ મારી આશાની કોઈ કિંમત નથી. એનાં સપનાં ખૂબ મોટાં હતાં પણ હવે તે જ નથી તો સપનાઓનું શું કરવું?અમે બંને બહેનો બીજા રૂમમાં એકસાથે રહેતાં હતાં. તેના ગયાં પછી આજ સુધી હું એ રૂમમાં જઈ શકતી નથી. કેમ કે, અમે સાથે વિતાવેલી એક એક ક્ષણ યાદ આવે છે. મારા કરતાં નાની હોવા છતાં આશાબેને મને માતા-પિતા કરતાં વધુ લાડ લડાવ્યા છે.તેને મારા પ્રત્યે ખૂબ પ્રેમ હતો. હું તેને પ્રેમથી શુકલી કહેતી.. આવી મારી આશા ખોઈ નાખી હવે કોણ આપી શકશે? અમે છેલ્લા કેટલાક સમયથી સરકારની પાસે ન્યાયની માંગ કરીએ છીએ. આમ છતાં અમને ન્યાય તો મળતો જ નથી. પૈસાથી અમારી આશાનું મોલ થાય જ નહીં. એટલા માટે જ હું લડાઈમાં ઊતરી છું. લોકો એમ કહે છે કે એક વ્યક્તિથી શું થાય? હવે આશા પાછી આવવાની નથી. પરંતુ બીજા કોઈપણ પરિવારની હાલત અમારા જેવી ન થાય તેના માટે અમારી લડાઈ છે.

### કેસ દરરોજ ચલાવવા કરાઈ છે અરજી

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં સરકારે સ્પેશલ પીપી તરીકે એડવોકેટ તુષાર ગોકાણીની નિમણુંક કરી છે. માત્ર ૧ રૂપિયો ફી લઈ ગોકાણી આ કેસ લડી રહ્યા છે. એડવોકેટ તુષાર ગોકાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ કેસમાં ૫૦૦૦ પાનાના દસ્તાવેજી પુરાવા રજુ કરી દેવાયા છે અને આરોપીઓ સામે ચાર્જ પણ રજૂ કરવામાં આવ્યો છે. હાલ અમુક આરોપીઓ દ્વારા કેસમાં ડિસ્ચાર્જ અરજી રજૂ કરતા તેની સુનાવણી હાલ ચાલી રહી છે ત્યારે આ કેસ ઝડપથી આગળ ચાલે અને પીડિતોને ન્યાય મળી રહે તે માટે સરકાર પણ સમયાંતરે રિપોર્ટ લઈ રહી છે.

# દોષિતોને સજા કરવામાં સરકાર નિષ્ફળ : કોંગ્રેસ

## મૃતક પરિવારો માટે કાનૂની લડત લડવા કોંગ્રેસ પક્ષ તૈયાર : આજે સાંજે કેન્ડલ માર્ચ રાષ્ટ્રીય કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજી દેસાઈએ સંબોધી પત્રકાર પરિષદ



રાજકોટ, તા. ૨૪

ટીઆરપી અગ્નિકાંડની ઘટનાની વાર્ષિક પુણ્યતિથિ પૂર્વે કોંગ્રેસ પક્ષ દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં દોષિતોને આખરી સજા અને કાનૂની અને રાજકીય લડાઈ લડવા માટેની જાહેરાત રાષ્ટ્રીય કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજી દેસાઈના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી.

આ પત્રકાર પરિષદમાં વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયાએ જણાવ્યું કે કોંગ્રેસ છેલ્લા છ દિવસથી શહેરમાં જનજાગૃતિ અભિયાન અગ્નિકાંડને લઈ ચલાવી રહી છે અને વિવિધ માંગો પણ સરકાર સમક્ષ મૂકવામાં આવી છે જેને આજ દિન સુધી સરકાર દ્વારા સ્વીકારવામાં આવી નથી. વધુમાં તેઓ આક્ષેપ લગાવ્યો હતો કે સરકાર નગરસેવકો અને પદાધિકારીઓ અને અધિકારીઓ પર નિષ્પક્ષ તપાસ હાથ ધરે તો સત્ય હકીકત બહાર આવી શકે પરંતુ સરકારને સત્ય ઘટના પર પ્રકાશ પાડવામાં રસ નથી.

કોંગ્રેસ દ્વારા આયોજિત પત્રકાર પરિષદમાં કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે મૃતક પરિવારને પૂરતું વળતર ચૂકવવામાં પણ સરકાર નિષ્ફળ નેવડી છે જ્યારે હરણીકાંડમાં મૃતક પરિવારોને ૩૧ લાખ અને મોરબી કાંડમાં મૃતક પરિવારોને ૨૧ લાખ કોંગ્રેસના આંદોલન પછી ચૂકવવામાં આવ્યા હતા. ત્યારે સત્તાધીશોને સહેજ પણ શરમ હોય તો તેઓ મૃતક પરિવારો માટે કંઈક એવું કરે કે મૃતકો ની આત્માને શાંતિ મળે અને તેમના પરિવારોને યોગ્ય સાત સહકાર મળી રહે આ બાબતે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ આજે સાંજે કેન્ડલ માર્ચ પણ કરશે અને શ્રદ્ધાંજલિ પાઠવશે. ઝડપી ન્યાય મળે તે માટે જ કોંગ્રેસ પક્ષ દ્વારા આ અંગે આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. વધુમાં લાલજીભાઈ જણાવ્યું હતું કે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ જ્યારે વીડિયો કોન્ફરન્સ મારફતે મૃતક પરિવારોને સાંત્વના આપી હતી અને સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો ત્યારબાદ જ સરકાર દ્વારા થોડા અંશે પગલાઓ લેવામાં આવ્યા હતા. કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત પત્રકાર પરિષદમાં શહેર પ્રમુખ અતુલ રાજાણી, પ્રદેશ મહિલા કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, સંજય અજુડિયા, મહામંત્રી ભાવેશ બોરીચા, તુષાર નંદાણી, રાજદીપસિંહ જાડેજા, યજ્ઞેશ દવે, ગોપાલ અનડકટ સહિત કોંગી આગેવાનો હાજર રહ્યા હતા.